# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 53 ❖ Issue : 04 ❖ Pages : 40 ❖ Mumbai ❖ April 2025 ❖ Price : Rs.8/-



# એપ્રિલ માસના મુખપત્રના "સૌજન્ય દાતા"



શ્રીમતી નિર્મળાબેન કાંતિલાલ વોરા

નિર્મળાબેનનું વ્યક્તિત્વ એક અલૌકિક ઓજસના પડછાયા રૂપ હતું. શાંત સ્વભાવ, કુટુંબ પરિવાર પ્રત્યે અસીમ સ્નેહની નિર્મળ ગંગા વહેવડાનાર સાચા અર્થમાં ગૃહિણી હતા. મનમાં હરહંમેશ એક જ વાત, કેવી રીતે અન્યને સહાય રૂપ બનવું. તેઓ અન્યને સહાયરૂપ થવાની કોઈ પણ તક જતી ન કરતા અને કોઈ કારણસર જો ચુકી જવાય તો તે વાતનો સદાય તેમને અફસોસ રહેતો. સાધુસાધ્વીની વૈયાવચ્ચ, તેમજ જીવદયા તેમના જીવનનું એક અનોખું પાસું હતું. આવા શાંત અને મૂદુ સ્વભાવના નિર્મળાબેનને સાધર્મિક પ્રત્યે પણ સુંદર ભાવના અને લાગણી હતી.

ઘરમાં કોઈ પણ સારી વસ્તુ આવે ત્યારે તુરત જ તેમની સમક્ષ સાધર્મિક કુટુંબોનો વિચાર આવતો કે તેઓ માટે આ વસ્તુનો વપરાશ શક્ય હશે કે નહીં અને તેઓ તે વસ્તુ શક્ય તેટલાં કુટુંબોને મોકલાવીને જ સંતોષ માનતા. આવા જ સદ્‌ગુણ, લાગણી અને ઉચ્ચ સંસ્કારો તેમના પુત્રો, પુત્રી, વહુઓ અને બાળકોમા જોવા મળે છે. નિર્મળાબેન એક સુંદર સંસ્કારશીલ, ઉદારદિલ અને સૌજન્યશીલ સન્નારી હતા.



**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**

૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,

૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.

ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨

**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)

**E-Mail:**svjainsamajmumbai2@gmail.com

data@svjainsamaj.com www.svjainsamaj.com

**તંત્રી : શ્રી જયેશ શરદચંદ્ર વસા - મો. ૯૩૨૨૨૬૬૭૧૪**



**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા.......................... પ્રમુખ

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ............. ભૂતપૂર્વ પ્રમુખ

શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા.......................... ઉપપ્રમુખ

શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી............. માનદમંત્રી

શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા..................માનદમંત્રી

શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા...................... ખજાનચી

શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.......................મુખપત્ર તંત્રી

શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી.......................... સભ્ય

શ્રી જયુભાઈ ચુનીલાલ દોશી............................ સભ્ય

શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા............................ સભ્ય

શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા........................... સભ્ય

શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.......................... સભ્ય

શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા............................ સભ્ય

ડૉ. ધર્મેશભાઈ રસિકલાલ વોરા.......................... સભ્ય

શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ ........................... સભ્ય

શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા......................... સભ્ય

શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ વોરા........................ કો-ઓપ્ટ

શ્રી હિતેષભાઈ છોટાલાલ વોરા........................ કો-ઓપ્ટ



**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**

**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.

**S.B. A/C No.** 03870100000044

**IFSC :** BARB0BULLIO **(fifth digit will be numerical zero),**

**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**

**Banker :** Union Bank of India

Princess Street, Mumbai - 400002

**S.B.A/C.No.** 319102010054364

**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.

**Auditor :** -------------ö ö

Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**

૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,

મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪


# બાળકોની ખુબીઓને ખામીઓ સમજવાની ભૂલ

૧૩ વર્ષની ઉંમરની એક વિદ્યાર્થીનીથી શાળાના બધા શિક્ષકો કંટાળી ગયા હતા કારણ કે આ છોકરી વર્ગમાં પગ વાળીને બેસતી જ નહોતી. વર્ગમાં બેઠા બેઠા સતત પોતાના પગ હલાવ્યા કરે અને પાંચ મિનિટ ન થાય ત્યાં પોતાની જગ્યાએથી ઉભી થઇ ને વર્ગમાં આંટો મારે. શિક્ષકો ગમે તેવી સજા કરે તો પણ એની કોઇ અસર આ છોકરી પર થતી નહોતી. છેલ્લા ઉપાય તરીકે આ છોકરીની મમ્મીને શાળાએ બોલાવવામાં આવી. શિક્ષકે એમને કહ્યું કે 'આ છોકરી ભણવામાં બિલકુલ ધ્યાન નથી આપતી. એ શાંતિથી વર્ગમાં બેસી પણ શકતી નથી. આ છોકરીને અમે આ શાળામાં રાખી શકીએ તેમ નથી કારણકે એનામાં કંઇક ખામી હોય એવું મને લાગે છે તમે ખામીવાળા બાળકોને અભ્યાસ કરાવતી હોય એવી કોઇ શાળામાં એને પ્રવેશ અપાવો.' વાત સાંભળીને છોકરીની મમ્મી પડી ભાંગી. પોતાની દિકરીના ભવિષ્યની ચિંતા માતાને સતાવી રહી હતી. દિકરીમાં શું ખામી છે એ તપાસવા માટે એણે એક મનોવૈજ્ઞાનિક ડોકટરની મુલાકાત લીધી. ડોકટરે નાની છોકરીની બધી વાતો ધ્યાનથી સાંભળી અને એનું નિરિક્ષણ કર્યું. છોકરી શાંત બેસી રહેવાને બદલે એના પગ હલાવતી હતી અને વારે વારે ઊભી થતી હતી. ડોકટરે એની ચેમ્બરમાં રહેલો રેડીયો ચાલુ કર્યો અને છોકરીને ડાન્સ કરવા માટે પ્રોત્સાહિત કરી. થોડી જ વારમાં ૧૩ વર્ષની ઉંમરની આ છોકરી કોઇ પણ જાતની તાલીમ વગર અદભૂત ડાન્સ કરવા લાગી. ડોકટરે છોકરીની માતાને કહ્યું, 'તમે કોઇ ચિંતા ન કરો. તમારી દિકરી ખામીવાળી નહીં પણ ખુબીવાળી છે. ભગવાને એનામાં નૃત્યકળા ઠાંસી ઠાંસીને ભરી છે. આને તમે કોઇ સારી સંગીત અને નૃત્યની શાળામાં મોકલો. ડોકરના આદેશ પ્રમાણે એ છોકરીને એક સારી નૃત્ય શાળામાં મુકવામાં આવી અને યોગ્ય તાલીમના કારણે આ છોકરી ન કેવળ પોતાના શહેરમાં પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ બની ગઇ. શિક્ષકોએ જેને ખામીવાળી છોકરી સમજીને શાળામાંથી કાઢી મુકેલી એ છોકરી એટલે વિશ્વની શ્રેષ્ઠ ડાન્સર, કોરીયોગ્રાફર અભિનેત્રી અને ડાયરેકટર ગિલીયન લીની.

**બોધપાઠ : ઘણી વખત આપણે બાળકોની ખુબીઓને ખામીઓ સમજવાની ભૂલ કરતા હોઇએ છીએ. બાળકોના વર્તન પરથી એની ટેલેન્ટને સમજીએ અને બીજા બાળકો સાથે એની સરખામણી કરવાનું બંધ કરીએ.**

## તંત્રી સ્થાને થી....



**શ્રી જયેશ શરદચંદ્ર વસા**
**મો. ૯૩૨૨૨ ૬૬૭૧૪**

# સમજણપૂર્વક જીવન જીવવાની કળા

આજે માનવી પાસે પૈસા હોય કે ન હોય, દરેકને કોઇને કોઇ રીતે તકલીફ છે, બેચેની છે. કોઇ આર્થિક કારણોથી પીડાઇ રહ્યો છે, તો કોઇ માનસિક તણાવમાં જીવી રહ્યો છે. આનું મુખ્ય કારણ એ છે કે આપણે અનાવશ્યક વસ્તુઓની પાછળ દોડીએ છીએ, જેની જીવનમાં ખરેખર કોઇ જરૂર નથી. એ વસ્તુ હોય તો પણ ઠીક અને ના હોય તો પણ ઠીક એના વગર જીવન અટકતું નથી.

મનુષ્યને પોતાના જીવનમાં શું મહત્વપૂર્ણ છે તે તેમણે પોતાએ સમજવું પડશે. જેમ કે ક્યારેક ભાવતી વાનગી વધારે ખવાઇ જાય ત્યારે બેશક પેટમાં અપચો થાય અને શરીર રોગી બને તેમ મનને પણ અનાવશ્યક વસ્તુઓની પાછળ દોટ લગાવવાથી પીડા ઉત્પન્ન થાય છે અને દુઃખ અનુભવાય છે.

જીવનમાં સુખ અને શાંતિ માટે અનાવશ્યક વસ્તુઓને ટાળવી જરૂરી છે. જીવન જીવવા માટે પૈસા જરૂરી છે, પણ પૈસા જ જીવન નથી. કેમકે ૮૪ લાખ ભવના ફેરા ફર્યા પછી આ મહામૂલો મનુષ્ય અવતાર આપણને ઇશ્વરે ઉપહાર રૂપે આપેલો છે. જીવનને એક ઉત્સવની જેમ માણવાનો એકપણ અવસર ચૂકવો જોઇએ નહિ. સાચું સુખ પ્રેમ, માનવતા અને વાસ્તવિકતાને સ્વીકારવામાં છે, ન કે માત્ર સુવિધાઓમાં, આપણી જીવનની ખરેખર કેટલી જરૂરિયાતો છે એને સમજવી અને સંતુલન બનાવવું એ સાચી સુખ-શાંતિનું રહસ્ય છે.

સુખ અને દુઃખનું કારણ : પ્રત્યેક વ્યક્તિએ જીવન જીવવા માટે આવશ્યક વસ્તુઓ જેમ કે રોટી, કપડાં, મકાન સ્વાસ્થ્ય અને શિક્ષણ એ એની મૂળભૂત જરૂરીયાતને સમજીને તેની મહત્વની જરૂરીયાતો પારખી શકે છે અને તેમાં જો સંતોષ રાખે, તો જીવન સરળ અને સુખમય બની શકે છે.

પરંતુ, જયારે આપણે દેખાદેખી વિદેશી ટુરો, લકઝરી કાર, ફાઇવ સ્ટાર હોટેલ અને બીજી અનેક બિનજરૂરી વસ્તુઓ પાછળ દોડીએ છીએ, અને એ જયારે પ્રાપ્ત ન થાય ત્યારે જીવનમાં દુઃખ અને પીડાની શરૂઆત થાય છે અને આપણું મન અશાંત થઇ જાય છે અને જીવન માણવા ને બદલે આપણે દુઃખી થતા હોઇએ છે.

સુખી થવા માટે, આપણી પાસે જે વસ્તુ નથી તેના માટે સકારાત્મક અને પ્રામાણિક પ્રયાસ કરવો જરૂરી છે, પ્રયાસ કર્યા પછી જે પ્રાપ્ત થાય એમાં પ્રભુની ઇચ્છા એ જ હશે, તેમ સમજીને રાજી રહેવું જોઇએ એ જ સુખની ચાવી છે.

ઇચ્છાઓ જયારે આવશ્યકતાઓ અને જરૂરિયાતો બનવા લાગે ત્યારે ગમે તેટલું ધન-સંપત્તિ હોય તે પણ ઓછું પડે છે. ગમે તેટલી સુવિધાઓ, પદ, પ્રતિષ્ઠા, માન, સન્માન ઓછા પડે છે કારણકે માનવીની ઇચ્છાનો કોઇ અંત નથી, અને જયારે ઇચ્છાઓ પુરી નથી થતી ત્યારે માનવી અસહ દુઃખના ડુંગરમાં ધકેલાઇ જાય છે.

સહજ જીવનનો સુર: મનુષ્ય ત્યારે જ પોતાના જીવનમાં પરમ આનંદનો અનુભવ કરી શકે છે જયારે તે પોતાની જાતને સ્વીકારીને પરિસ્થિતિઓ સાથે તાલમેલ બેસાડવાની કળાને જાણે તો.

સૃષ્ટિના અનેક જીવો આ ધરતી પર સહજ જીવન જીવે જ છે. મનુષ્ય એકમાત્ર દુઃખી છે, કેમ કે પ્રકૃતિ વિરૂદ્ધ જીવન જીવે છે. સહજ રીતે પ્રકૃતિને સમજતો નથી અને સમજવાનો પ્રયાસ પણ કરતો નથી.

''સાચી સમજણનો અભાવ જ દુઃખ છે અને સાચી સમજણ જ સુખ છે.''

ક્યારેક ગમે તેટલી સંપત્તિ હોય અથવા તો મળી જાય પણ સમજણ જ ના હોય તો એ જ વિપત્તિ બની જાય, પૈસા જ પીડા બની જાય, આપણને ડગલે ને પગલે આવા ઘણા ઉદાહરણો જોવા મળતા હોય છે. ધન પ્રારબ્ધમાં હોય તો મળે, પણ ભોગવવાની કળા ઇશ્વરકૃપા હોય તો જ આવે.

સમજણપૂર્વક જીવન જીવવાની કળા એ ધર્મ છે. એ કળા આપણા સૌના જીવનમાં આવે.

સમજણનો વિકાસ થાય, આપણા **''સૌનું જીવન મંગલમય બને !''** એ જ પ્રાર્થના.

જીવન-ધર્મ શ્રેણી

# જીવનની બાર ધારાઓ

## ૧૧

## 'બોધિ દુર્લભ ભાવના'

- મહેન્દ્ર પુનાતર

### મનુષ્ય જીવન દુર્લભ: સ્વયંને જાણ્યા વગર સિદ્ધ નથી

**જીવનમાં આપણને જે કાંઇ મળ્યુ છે તેનો બોધ થવો જોઇએ. આપણા દુ:ખનું કારણ એ છે કે જે મળ્યું છે તેમાં સંતોષ નથી અને જે નથી મળ્યું તે આંખમાં કણાની માફક ખટકે છે. ભવિષ્યના સુખની કલ્પના અને જે નથી મળ્યું તેના વલોપાતમાં માણસ આજનું સુખ ગુમાવી રહ્યો છે.**

જીવનમાં આપણને જે કાંઇ મળ્યું છે તેનો બોધ થવો જોઇએ. આપણા દુ:ખનું મુખ્ય કારણ એ છે કે જે મળ્યું છે તેમાં સંતોષ નથી અને જે નથી મળ્યું તે આંખમાં કણાની માફક ખટકે છે. ભવિષ્યના સુખની કલ્પના અને જે નથી મળ્યું તેના વલોપાતમાં માણસ આજનું સુખ ગુમાવી રહ્યો છે.

બાર ભાવનાઓના ચિંતનથી સમ્યકત્વ જ્ઞાન, સમ્યકત્વ દર્શન અને સમ્યકત્વ ચારિત્રની દિશામાં પ્રયાણ કરી શકાય છે. સાચી સમજ, સાચુ જ્ઞાન અને સાચુ દર્શન માણસના જીવનને પરિવર્તિત કરે છે. અજ્ઞાનના કારણે માણસ અંધારામાં રહ્યો છે. એટલે બુદ્ધ પુરુષોએ જ્ઞાન પર ભાર મૂક્યો છે. જ્ઞાન એટલે માત્ર માહિતી નહીં પણ સાચી સમજણ અને આત્મદર્શન. માણસ સારું કરવા ઇચ્છતો હોય પણ કેમ કરવું તેની સમજ ન હોય તો સારાને બદલે ખરાબ થઇ જાય. શુભને બદલે અશુભ થઇ જાય. આ સંસારમાં મનુષ્ય જન્મ ધારણ કરીને કર્મો કરતો રહે છે. ધર્મ નિરંતર થયા કરે છે. શુભ કર્મો શુભ તરફ અને અશુભ કર્મો અશુભ તરફ લઇ જાય છે. માણસ જેવી ભવના ભાવે તેવું પરિણામ મળે છે. થોર વાવીને ગુલાબની અપેક્ષા રાખી શકાય નહીં. સમગ્ર જીવન કર્મને આધિન છે.

આ સંસારમાં કોઇ સુખી છે, કોઇ દુ:ખી, કોઇ રાજા, કોઇ રંક, કોઇ સ્વામી, કોઇ દાસ, કોઇ સેંકડોનું પાલન કરી શકે, તો કોઇ પોતાનું પેટ પણ ન ભરી શકે, કોઇ રોગી, કોઇ નિરોગી, કોઇ વગર મહેનતે સફળતા હાંસલ કરે તો કોઇ સખત મહેનત કરવા છતાં સિદ્ધિ કે સફળતા હાંસલ ન કરી શકે. આ વિચિત્રતાનું કારણ શું છે? ધર્મ કહે છે આ બધી વસ્તુઓ જેના પરિણામથી થાય છે તેને પાપ અને પુણ્ય કહે છે. ખરાબ કર્મોથી ખરાબ અને સારા કર્મો થી સારું થાય છે. કેટલીક વખત સારુ કરવાવાળા માણસને પણ દુ:ખો અને કષ્ટો વેઠવા પડે છે તેનું કારણ શું? તો ધર્મ કહે છે આ પૂર્વ જન્મોના કર્મો છે. મનુષ્ય મન, વચન અને કાયાથી જે કાંઇ પણ ક્રિયા કરે છે તેના પરિણામ સ્વરૂપ શુભ અને અશુભ કર્મો ઉત્પન્ન થાય છે. આ બધી બાબત ગહન છે. માત્ર આપણે એટલું સમજીએ જીવનમાં સારું કરીએ, સારા ભાવો રાખીએ તો બધુ છેવટે સારું જ થવાનું છે. આ બાર ભાવનાનું ચિંતન આપણને શુભ અને સાકારાત્મક વિચારો તરફ લઇ જાય છે.

અનિત્ય ભાવનામાં આપણે જોયું કે જગતની પ્રત્યેક વસ્તુઓ નાશવંત છે. કાયમી રહેવાની નથી. અશરણ ભાવનામાં એ ખ્યાલ કર્યો કે અહીં કોઇનું શરણ કામ આવતું નથી. જીવનમાં જે કાંઇ બનવાનું છે તેનાથી આપણને કોઇ ઉગારી શકવાનું નથી. સંસાર ભાવનામાં ખ્યાલ કર્યો કે અહીં રાગદ્વેષ છે, તારુ-મારુ છે. ઇર્ષા, અદેખાઇ અને આપાધાપી છે. એકત્વ ભાવનામાં એ સમજણ મળી કે આપણે એકલા આવ્યા છીએ અને એકલા જવાના છીએ. અન્યત્વ ભાવનામાં બોધ થયો કે અહીં કોઇ આપણું નથી. આપણે જેને આપણા પોતાના માનીએ છીએ તેઓ પણ આપણા નથી. સ્વાર્થનો આ સંઘર્ષ છે. આ સત્ય છતાં માણસે સૌને પોતાના માનીને તેમની સાથે સારો વ્યવહાર કરવો અને બીજાનું દુ:ખ આપણું પોતાનું છે

એમ માનવું. અશુચિ ભાવનામાં એ જાણ્યું કે દરેક વસ્તુ વહેલી મોડી જીર્ણ થવાની છે. અશુદ્ધ થવાની છે. તેથી રૂપ અને સૌદર્યનું અભિમાન રાખવું નહીં. આસ્રવ ભાવનામાં ખ્યાલ કર્યો કે મન વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિથી કર્મોના બંધનમાં જકડાવું પડે છે. સંવર ભાવનામાં એ જ્ઞાન થયું કે કર્મો આત્માની સાથે લાગેલા છે. તેને ખપાવવા અને દૂર કરવા શરીરથી ઉપર ઉઠવાનું છે. શરીર સાથેના તાદાત્મ્યને તોડવાની પ્રક્રિયા એટલે તપ. કર્મોની નિર્જરા માટે તપશ્ચર્યા જરૂરી છે. લોકભાવના એટલે આત્મસ્વરૂપનું ચિંતન. આ ભાવનામાં આપણે જોયું કે જગતનું વાસ્તવિક સ્વરૂપ શું છે. એ કયા તત્ત્વોનું બનેલું છે અને તેને ચલાવનારા દ્રવ્યો કયા કયા છે. સમગ્ર સૃષ્ટી લોક-અલોક, ચૌદ રાજલોક, દેવલોક, નરક, મનુષ્ય ક્ષેત્ર અને સિદ્ધ ક્ષેત્ર અંગે ખ્યાલ કર્યો. ભાવનાના અંતિમ ચરણમાં બોધિદુર્લભ ભાવના અને ધર્મ ભાવના છે. આપણે અહીં બોધિદુર્લભ ભાવના અંગે જાણવા પ્રયાસો કરીશું.

જીવનમાં આપણને જે કાંઇ મળ્યું છે અને જે દુર્લભ છે તેનો બોધ થવો જોઇએ. સૌથી વિશેષ મનુષ્ય જન્મ અને ઉત્તમમાં ઉત્તમ ધર્મ. મનુષ્ય જન્મ મળ્યો છે તેને સાર્થક કરવાની આ વાત છે. સંસારમાં આપણે રાગ-દ્વેષ, માન-માયા, લોભ અને મોહમાં ફસાયેલા છીએ, કામ ક્રોધમાં રત છીએ. આ તારું અને આ મારું કરીને કર્મોને બાંધી છીએ. અને જીવનને દુઃખમય બનાવીએ છીએ. અને ન કરવાનું કરીને કર્મોના જાળાઓને વધુ વિસ્તૃત કરીએ છીએ. જીવનમાં દુઃખી અને અશાંત છીએ તેનું કારણ શું છે? તેનું કારણ જાણ્યે અજાણ્યે આપણે સૂક્ષ્મ હિંસા આચરી રહ્યા છીએ. કોઇના પ્રત્યે ક્રોધ કરવો, રાગ દ્વેષ રાખવો. કોઇના પ્રત્યે ખરાબ વિચાર કરવો એ પણ હિંસા છે. આવી સૂક્ષ્મ હિંસાઓના કારણે પ્રેમ પ્રગટ થતો નથી. પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમભાવના રાખવાનું ભગવાન મહાવીરે કહ્યું છે. માત્ર પ્રેમથી જ હિંસાને રોકી શકાશે. જેને તમે પ્રેમ કરતા હો તેને દુઃખ પહાંચાડી શકો નહીં. એનું દુઃખ તમારું દુઃખ બની જાય. આપણે જયારે કોઇના પ્રત્યે ક્રોધ કરીએ. દ્વેષ રાખીએ, વેર ઝેર બાંધીએ કે કોઇનું અપમાન - અવહેલના કરીએ ત્યારે વિચારવું કે આપણામાંથી પ્રેમ અદ્રશ્ય થયો છે. પ્રેમ સુખનું પરમતત્ત્વ છે. પ્રેમ વગરની આ દુનિયા નિર્ધન છે. તમારી પાસે ગમે તેટલું હશે પણ પ્રેમ અને સ્નેહ નહીં હોય તો તમારી સ્થિતિ કંગાળ જેવી છે. જીવનમાં એક વસ્તુ યાદ રાખવી કે પ્રેમ માગવાથી મળે નહીં, આપ્યા વગર પણ મળે નહીં. તમે



ઇચ્છો કે બધા મને ચાહે પણ મારે કોઇને ચાહવાની જરૂર નથી. તો તેમ બનવાનું નથી. આ રીતે કોઇ પ્રેમ કરશે તો તે સાચો પ્રેમ નહીં હોય. માત્ર દેખાવ હશે. પ્રેમ મેળવવા માટે પ્રેમમય બનવું પડે. જે પ્રેમમય બને છે તે પ્રભુમય બની શકે છે.

ક્રોધ, ઘૃણા અને તિરસ્કાર હિંસાના લક્ષણો છે. હું કાંઇક છું, બધુ મારા થકી છે આ અહંકાર નાબૂદ થવો જોઇએ. પ્રેમ અને અહંકાર સાથે રહી શકે નહીં. પ્રેમમાં ઓગળવું પડે. જીવનમાં વિરોધાભાસ છે તેનું મુખ્ય કારણ દંભ અને દિખાવટ છે આપણે જે છીએ તેના કરતા જુદી રીતે જીવીએ છીએ. આપણું બહારનું અને અંદરનું જીવન જુદું છે. બધું બેહોશીમાં અને અજાગૃત અવસ્થામાં થઇ રહ્યું છે. કોઇને તનનો, કોઇને ધનનો, કોઇને પદનો તો કોઇને પ્રતિષ્ઠાનો કેફ ચડેલો છે. મોહ અને આસકિત પણ આપણા દુખનું કારણ છે. મોહનો અર્થ છે આપણે આપણામાં નહીં પણ બીજી વસ્તુઓમાં જીવી રહ્યા છીએ. જે વસ્તુમાં આપણે મોહ રાખી દીધો તેના દાસ બનવું પડે છે. જયાં પક્કડ છે ત્યાં પીડા પણ છે. સંસારના સુખો શાશ્વત નથી. બદલાતા રહે છે. આજે જેમાં સુખ દેખાય છે તેમાં કાલે દુઃખ પણ દેખાઇ શકે છે. આજે જે મનગમતું છે તે કાલે અણગમતું પણ બની જાય.

દરેક માણસે એ વિચારવું જોઇએ કે પરમાત્માની કૃપાથી તેને કેટલું બધું મળ્યું છે. જેના હાથ પગ સલામત છે તેને કોઇનાથી ડરવાનું નથી. પહેલું સુખ તે જાતે નર્યા. માત્ર ધનથી, સુખસગવડતાઓથી જીવી શકાતું નથી. શરીર અને મન સારું ન હોય તો આ બધું નકામું બની જાય. મનની શાંતિ સ્વસ્થતા અને સારું આરોગ્ય ઉત્તમ સુખ છે. અન્ન, વસ્ત્ર અને રહેઠાણ એ પાયાની જરૂરિયાત છે અને આના માટે બહુ મહેનત કરવી પડતી નથી પણ આ પછીની બીજી બધી વસ્તુઓ છે તે માટે માણસને દોડવું પડે છે. સારો પરિવાર, ઘરમાં સંપ અને સહકાર, એકબીજા માટે ઘસાવાની અને કરી છૂટવાની તમન્ના, સુખ-દુઃખમાં સાથ અને આપણો વ્યવહાર બરાબર જળવાઇ રહે એ પણ મોટું સુખ છે. ધન-દોલતને સુખ સાથે સંબંધ નથી. એમાં સગવડતા સચવાય છે. પણ સુખ મળશે તેની કોઇ ખાતરી નથી. સુખ આપણા પોતાનામાં છે અને તે આપણે પોતે મેળવવાનું છે. ધન એ જ સુખ હોય તો બધા શ્રીમંત માણસો સુખી જ હોવા જોઇએ. શ્રીમંત કે ગરીબ દરેકને પોતાના સુખ અને દુઃખ હોય છે. આ માનસિક પરિસ્થિત છે. દરેક

વસ્તુને તમે કઇ રીતે લો છો તેના પર આનો આધાર છે.

માત્ર એટલો વિચાર કરીએ કે આપણને જે મળ્યું છે તે બીજા ઘણા માણસોને મળ્યું નથી એવા કેટલાય માણસો છે જેમને પેટનો ખાડો પૂરવા સતત રાત-દિવસ એક કરવા પડે છે. આવો બોધ થાય તો કશું દુઃખ રહે નહીં. પણ આપણા દુઃખનું મુખ્ય કારણ એ છે કે આપણને જે મળ્યું છે તેના તરફ આપણી નજર જતી નથી, પરંતુ જે નથી મળ્યું તેના તરફ આપણી નજર તકાયેલી છે. આપણે ભવિષ્યના સુખ માટે અને જે નથી મળ્યું તેના વલોપાતમાં આજનું સુખ ગુમાવીએ છીએ. આપણને જે મળ્યું છે તેનો સંતોષ ઉભો થવો જોઇએ. માણસને બીજાનું સારું લાગે છે પોતાનું નજરમાં આવતું નથી. દરેક માણસે પોતાના સાધનો અનુસાર સુખને શોધી લેવું જોઇએ. બધાના સુખ દુઃખ સરખા નથી. એકનું સુખ બીજાનું દુઃખ બની શકે છે. સુખ અને દુઃખ એક વૃક્ષના બે હિસ્સા છે સુખ મૂળ છે અને દુઃખ પાંદડા છે. આપણે મૂળને ટકાવી રાખવા માગીએ છીએ પણ પાંદડા જોઇતા નથી તે કેમ બની શકે ? મૂળને ટકાવી રાખવા માટે તેને પાણી આપવું પડશે અને પાણી આપીશું તો પાંદડા લીલાછમ રહેવાના છે. સુખ અને દુઃખ બંને સાથે રહે છે. સુખ જયારે સક્રિય હોય છે ત્યારે દુઃખ નિષ્ક્રિય બની જાય છે અને દુઃખ જયારે સક્રિય બને છે ત્યારે સુખ નિષ્ક્રિય બની જાય છે. આપણે બંનેનો પરિતાપ સહન કરવાનો છે.

માણસે પ્રથમ પોતાની જાતને ઓળખવી જોઇએ. સ્વયંનું જ્ઞાન થવું જોઇએ અને વિચાર કરવો જોઇએ કે દુર્લભ એવો મનુષ્ય જન્મ મળ્યો છે તેને સાર્થક કરવા મેં શુ કર્યું ? જે માણસ સ્વયંને જાણે છે, જેણે પોતાના અંતરમાં ડોકીયું કરીને આત્મ નિરીક્ષણ કર્યું છે અને જે રાગ દ્વેષ રહિત છે. તે જીવન અને ધર્મનું સાચું દર્શન કરી શકે છે. જગતમાં જે કાંઇ જ્ઞાન ઉપલ્બધ થયું છે અને જે કાંઇ રહસ્યો ઉકેલાયા છે તે માણસની ભીતરમાંથી ઉકેલાયા છે. માણસે પોતાની દૃષ્ટિ બહારથી ભીતર તરફ વાળવાની છે.

માણસે જીવનને શુદ્ધ અને સાત્વિક બનાવવા ધર્મને સાચા અર્થમાં સમજવાની જરૂર છે. તન શુદ્ધિ, મન શુધ્ધિ અને આત્મશુદ્ધિ વગર આ શક્ય નથી. જીવનમાં એવો સંકલ્પ અને નિશ્ચય કરવો જોઇએ કે હું માણસ તરીકે જનમ્યો છું તો હવે પછીનું જીવન મહામાનવને છાજે એવું જીવવા પ્રયાસો કરીશ અને પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવીશ. સમાજમાં ફેલાયેલા અસત્ય, જૂઠ અને પ્રપંચના જાળામાંથી મુક્ત થઇને સત્ય અને ધર્મના માર્ગે વિચરીશ. મારા જીવનના કર્તવ્યો માં માનવ બનવાનું મારું પ્રથમ કર્તવ્ય બનશે અને તે હું અદા કરીશ. પરમાત્માએ મને લાયકાત કરતા ઘણું આપ્યું છે. આવો નમ્ર ભાવ રાખવો અને આ પ્રકારનું ચિંતન કરવું એ બોધિદુર્લભ ભાવના છે. (હવે પછી ધર્મ ભાવના).

# બાળકો સાથે કઇ રીતે વાત કરવી ?

**બાળકો સાથે કઇ રીતે વાત કરવી એ ખૂબ મહત્વનું પાસું છે. બાળકો સાથે વાત કરવા માટેના દાદાશ્રીએ નીચેના કેટલાક મહત્વના મુદ્દાઓ આપેલ છે.**

એક વાલી તરીકે, તમારે તમારી જાતનું એવું વર્તન રાખવું જોઇએ કે જેથી તે તમારામાં ગુસ્સો ન જુએ. જયારે તે તમારામાં ગુસ્સો જોશે, ત્યારે તે તમારાથી પણ વધુ ગુસ્સાવાળું બનવાનું નક્કી કરશે. જો તમે ગુસ્સો કરવાનું બંધ કરશો, તો તે પણ બંધ કરશે.

ગુસ્સે થવાના બદલે અને સત્તા વાપરવાને બદલે બાળક ને સમજાવવા માટે તાર્કિક કારણોનો ઉપયોગ કરો. દબાણ કરવાથી તેનું તરત પરિણામ મળી જશે, પરંતુ થોડા સમય પછી તેઓ સાથે દલીલ કરતા થઇ જશે. મન વાતચીત કરવાથી ખીલે છે, ડરાવવાથી નહિ.

બાળકો સાથે વાત કરતી વખતે, રોફથી કે દબાણ-આગ્રહ પૂર્વક ન બોલો. જેવી રીતે તમને સત્તાનો રોફ જમાવતો મેનેજર કે સાથી કર્મચારી પસંદ નથી, તેવી રીતે તેઓને પણ પસંદ નથી. જયારે તમે બાળક સાથે વાત કરો છો ત્યારે જો તમારા ચહેરા પર ઘૃણા હશે તો સમજી લેવું કે તેનું અવળું પરિણામ આવશે.

જો તેઓ કશું ઊંધુ કરે છે, તો માત્ર ટૂંકમાં તેઓને વાત કરો કે, 'આવું વર્તન આપણા પરિવામાં શોભાસ્પદ નથી.' અથવા 'આના પર વિચાર કર, શું આવું કરવું તને યોગ્ય લાગે છે ?' અથવા 'અત્યારે જે કાંઇ બન્યું તે તને ગમે છે.' પછી કયારેક કડવું અને ખરાબ ન બોલો. ભાગ્યે જ કશું કહો અને પ્રેમાળ શબ્દોથી બોલો. આ બાળક અને વાલી વચ્ચેના અસરકારક વાર્તાલાપની ચાવી છે.

બાળકો વસ્તુને સમજવા અને નિર્ણય લેવા માટે સક્ષમ હોય છે. જયારે તેઓ કશું ખોટું કરે છે ત્યારે તેઓને તરત જ ખ્યાલ આવી જાય છે. પરંતુ જયારે તમે તેઓની નિંદા કરવાનું શરૂ કરો છો, ત્યારે તે સામા થાય છે અને જડ બની જાય છે.

બાળકો સાથે કઇ રીતે અસરકારક વાતો કરવી તેનો સાચો રસ્તો એ છે કે તેઓને તેમની લાગણીઓને મુક્ત રીતે તમારી સાથે વ્યક્ત કરવા દો. - તેઓને ડર લાગવો, દુઃખ થવું, ગૂંચામણ થવી એવું તો ચાલ્યા કરે. લાગણીઓ અમુક સમય પૂરતી જ હોય છે. નાની વાતોથી શરૂઆત કરો જેમકે જયારે તેઓ કહે કે 'મારો મિત્ર આજે મને ચીડવતો હતો' ત્યારે તેવો ત્વરિત નિર્ણય આપવાની ઉતાવળ ન કરો કે તે ખોટો હતો કે તેનો મિત્ર ખોટો હતો એવી કોઇ સલાહ પણ ન આપો જેમકે 'લોકો તેને જ ચીડવે છે જે સહેલાઇથી ચીડાઇ જતા હોય છે' માત્ર એવો દુઃખી ચહેરો રાખી કહો, 'અરે દીકરા એવું કરે છે !' અથવા શાંતિથઈ પ્રશ્નો પૂછી તે પરિસ્થિતિમાં વિગતવાર જાણવાનો પ્રયાસ કરો. કોઇ જ સમાધાન આપવાનું કે નિર્ણય આપવાનું ટાળો, તેને તેની મેળે જ શોધવા દો. તેને આત્મવિશ્વાસુ વ્યક્તિ બનવા માટે મદદ કરો.

# અકરમીનો પડિયો

- ગિરીશ ગણાત્રા

બનવારીએ વહેલી સવારે પેઢીનું તાળું ખોલ્યું. તાળું ખોલીને ગોખમાં રાખેલી છબીઓને પ્રણામ કર્યા. આજે સોમવાર હતો એટલે દીવાલ પરના ઘડિયાળને ચાવી આપી અને પછી પેઢીની ઓફિસની સાફસૂફી શરૂ કરી.

વર્ષોથી એ આ પેઢીમાં નોકરી કરતો. અહીં જ રહેતો, અહીં જ સૂતો. બૈરી-છોકરા દેશમાં હતા. દેશ એટલે મારવાડનું એક ગામ. ગામમાં નાનકડી ખેતીવાડી સોંપી એ મુંબઈ આવ્યો. એક મારવાડી શેઠની ઓળખાણથી કોઇ પેઢીમાં નોકરી રહી ગયો.

આઠ-દસ વર્ષ પહેલા લીધેલી નોકરી પછી એને સદતી ચાલી અને એ અહીં જ રહી ગયો. એ આશાએ કે શેઠ થોડા પગારવધારો કરી આપશે પણ વર્ષો વર્ષ એના પગારમાં જે વધારો થતો એનાથી એ રાજી નહોતો પણ દેશમાં રહેલા કુટુંબને એના નાનકડો પગાર ઘણા ટેકારૂપ હતો એટલે રાજી-નારાજીથી કામ કરતો.

એનું કોઇ ચોક્કસ કામ નહોતું. એ પેઢીનો ચોકીદાર, વસૂલી-કલાર્ક, એકાઉન્ટન્ટનો મદદનીશ, સાફસૂફી કરનારો, ગોડાઉન કીપર, ડિલીવરી પ્યૂન-એવી જાતજાતના કામ કરતો હતો. વહેલી સવારે ઊઠે, પેઢીની સાફસૂફી કરે, ગાદી-તકિયાની ખોળ બદલાવે, માટલાઓમાં પાણી ભરે અને પછી દીવા-અગરબત્તી કરી એ ચાલતો ચાલતો ભૂલેશ્વરના રામજી મંદિરે દર્શન કરવા જતો. દર્શન કરીને એ બસમાં બેસી વાલકેશ્વર શેઠને બંગલે જાય. બંગલેથી ચોપડાઓ લઇ દસ વાગે પેઢીમાં આવે. મહેતાજી આવે પછી એની સાથે કામ પાર પાડવાનું મહેતાજી પાસેથી કામ સમજી લઇ એ હૂંડીઓની વસૂલાત કરવા ઉપડી જતો. પેઢીના જુદી જુદી બેંકોમા રહેલા ખાતાઓમાં ચેક ભરે, ડિસ્કાઉન્ટ કરેલા કે પરચેઝ કરેલા બીલો પેટે બેંકમાંથી પૈસા ઉપાડે ને પછી એકાદ વાગે એ પેઢીમાં પાછો ફરે.

આજે શેઠના બંગલે ચોપડા લેવા ગયેલો ત્યારે શેઠને ખુશમિજાજમાં જોઇ એણે, ઘણા વખતથી વિચારી રાખેલું વેણ નાખી દીધુ:

‘શેઠજી, આપની દયાથી દેશમાં એક નાનકડું ઘર બની રહ્યું છે...’

‘હં...’

‘આટલા વરસથી આપની નોકરી કરું છું પણ કયારેય પૈસા માગ્યા નથી. ઘર પૂરૂં કરવું છે એટલે ... એટલે... આ પહેલી વાર... જો દયા કરો તો... પગારમાંથી દર મહિને કપાવીશ...’

‘હં...’ શેઠ ચા પીતા પીતા બોલ્યાઃ ‘કેટલા જોઇએ છે?’

‘બસ, પાંચેક હજાર’

‘પાંચ હજાર? એટલા બધા ન મળે. જોઇએ તો પાંચસો, હજાર કે વધુમાં વધુ પંદરસો મળે. એથી વધુ નહિ...’

‘પણ શેઠ, ઘર અધૂરૂં છે એટલે...’

‘બનવારી’ શેઠે હવે કડક થઇ કહ્યુંઃ

‘આપણે ત્યાં પગાર-પેટે કોઇને મોટી રકમ ઉપાડવાની છૂટ નથી અપાતી. તું વર્ષો જૂનો નોકર છે એટલે વળી આટલી રકમની મહેરબાની કરું છું. કોઇ બીજો હોત તો ના પાડી દીધી હોત...’

બનવારી નિરાશ થઇ ગયો.

આટલા વરસની શેઠની નોકરી પછી, શેઠ એને નિરાશ નહિ કરે એવી એની ગણતરી હતી અને એટલે જ દેશમાં મોટા દીકરાએ જયારે પાંચેક હજારની માગણીનો કાગળ લખ્યો ત્યારે એણે તરત જ ‘આવતા મહિને માકેલાવું છું’ એવું લખી નાખ્યું હતું. એનો બધો મદાર શેઠ પર હતો અને શેઠે તો...

‘જેવી રામજીની મરજી’ એવો નિસાસો નાખી બનવારી પેઢીના કામે તો નીકળ્યો પણ મનમાં મકાન હતું. ઘડપણના ઘર જેવો વિસામો હતો અને જિંદગીનું એક સ્વપ્ન હતું.

વિચાર કરતા કરતા જ એણે એક પછી એક કામ પતાવ્યા અને પછી બેંકમાં આવ્યો અને કાઉન્ટર પર ચેક ધરી ટોકન લીધું. પૂરા પોણા બે લાખ લેવાના હતા એટલે સાથે ચામડાનું મજબૂત પાકીટ લઇને આવ્યો હતો.

ટોકન લઇ એ કેશિયરના સામેના સોફા પર બેઠો.

પંદર-વીસ મિનીટ પછી કેશિયરે એના ટોકન નંબરનો સાદ દીધો. બનવારી કેશિયરના કાઉન્ટર પર ગયો અને ટોકન ધર્યું. દરરોજ પૈસા દેવા આવતા ઘરાકો-માણસોને કેશિયર ઓળખતો હોઇ કેશિયરે નોટોના થોકડા ધરવા માંડ્યા. બનવારી બેધ્યાનપણે બધા થોડકા ચામડાના પાકીટમાં મૂકવા લાગ્યો. કોઇ દિવસ નહિ, ને આજે બનવારી ધ્યાન ચૂકી ગયો હતો.

પેઢીના ત્રણ દાદરા ચડી એ મહેતાજીને તકિયે આવ્યો. મહેતાજી તિજોરીવાળી નાનકડી કેબિનમાં બેસતા. એની ગાદી સામે એક ગાદી ખાલી રહેતી.

બનવારી બેઠો. ખભે રાખેલા ખેસથી એણે કપાળ ને માથા પરથી પરસેવો લૂછયો. મહેતાજીએ સામે ધરેલા અર્ધા કપ ચાને ન્યાય આપીને એ પૈસા ગણવા બેઠો.

પૈસા ગણી લીધા પછી એના કપાળ પર કરચલીઓ વળવા માંડી. એણે ફરી પૈસા ગણ્યા. વળી ફરીને ગણ્યા, અને પછી મહેતાજીને

કહ્યું-

'છગનલાલજી જરા ગીનતી કરવાઇયે ન?'

'ક્યો? ક્યા હુઆ?'

'આજ જરા... જરા... લીજીયે, આપ યે દસકા, પાંચકા ઔર દો દો કા બંડલકી ગીનતી કીજીયે. મૈં સો-સો કી ગીનતી કરતા હૂં.'

બંને જણાએ સાથે મળીને પૈસા ગણ્યા, બીજીવાર પણ ગણી જોયા ને હિસાબ કર્યો ત્યારે પૈસી નીકળ્યા એક લાખ ને પંચ્યાસી હજાર!

પૂરા દસ હજાર વધારે.

'બનવારી. યે પોને દો લાખ મેં રખ લેતા હું.' કહી તેણે તિજોરીમાં પોણા બે લાખ રૂપિયા મૂકી દીધા. તીજોરી બંધ કરતા કહ્યુંઃ

'આ દસ હજારનું શું કરશો?'

'શેઠકો બતાતા હું. થોડી દેર કે લીયે આપ એ રખીયે' કહી બનવારી શેઠ પાસે ગયો અને બધી વાત કરી.

શેઠે હસીને કહ્યુંઃ

'બનવારી, તારુ મકાન બની ગયું. રાખી લે,' અને પછી ખંધુ હસતા બોલ્યા, 'આ બેંકવાળાઓ એ જ લાગના છે પગાર-વધારો, ઓવર ટાઇમ, બોનસ, ભથ્થા મેળવી મેળવીને ઘર ભર્યા છે...'

'લેકીન શેઠ, યે પાપ હૈ.'

'હવે પાપ-પુણ્યાની વળી કયાં પટલાઇ કરવા બેઠો? હું કહું એમ કર ને! આ તો ધંધો છે. મેં જ તને બેંકમાં પૈસા લેવા મોકલ્યો હતો. જા. તારી પાસેથી એ દસ હજાર રૂપિયા નહિ માંગુ. માન કે તને બોનસ મળી ગયું.'

બનવારી જમીન ખોતરતો બે ઘડી વિચારવા લાગ્યો અને પછી 'અચ્છા' કહી એ મહેતાજી પાસે ગયો અને કહ્યુંઃ છગનલાલજી 'વો દસ હજાર રૂપિયા મૂઝે દે દીજીયે.'

'લેકીન શેઠજીને કયા કહા?'

'કહા કિ રખ લો. બસ, રખ લેતા હૂં. આપ દે દીજીયે.'

છગનલાલ મહેતાજી દસ હજાર રૂપિયા બનવારીને આપી દીધા... ચામડાના પાકીટમાં પૈસા મૂકી એ બેંકમાં ગયો ત્યારે સાડા ત્રણ વાગી ગયા હતા.

પણ બેંકમાં ગડબડ મચી ગઇ હતી.

કેશિયરની કેશ મળતી નહોતી. એટલે મેનેજર ને બીજા કેશિયરો કેશનો હિસાબ ગણતા હતા.

બનવારીનું એક વાક્ય બેંકમાં પ્રચલિત હતું. 'જય રામજીકી' શબ્દો સંભળાય કે બનવારીનું આગમન થયું છે એમ બધા માની લે. કયારેક કોઇ સામેથી 'જય રામજી કી કરતા', તો કોઇ હસીને માત્ર હાથ ઊંચો કરતું.

'જય રામજી કી...' મેનેજરની કેબિનમાં પ્રવેશતા બનવારીએ ઉદ્‌ઘોષ કર્યો પણ અત્યારે બનવારીનું આગમન સૌને અણગમતું લાગ્યું. કોઇ એની સાથે બોલ્યું નહિ.

'કયા હુઆ દલાલ સાહેબ?' બનવારીએ પરાણે મેનેજર દલાલ સાહેબને પૂછી લીધું.

'કુછ નહિ, કુછ નહિ...' કહી વળી એ કેશિયરો જોડે વાતમાં પરોવાયા.

'લેકિન બાત તો કરો...'

'કુછ નહિ હૈ બનવારી, કેશ શોર્ટ પડી હૈ' જે કેશિયર પાસેથી બનવારીએ ચેક પૈટે પૈસા લીધેલા એણે વિલાયેલા ચહેરે કહ્યું.

'કિતની?'

'દસ હજાર રૂપિયા'

'અરે ઇસમેં રડતે હો કયું? જો રામજી બૈઠા હે, સબકી ખબર લેનેવાલા... યે લીજીયે દસ હજાર રૂપિયા. મેરે પેમેન્ટમેં જયાદા આ ગયા થા...' કહી બનવારીએ ટેબલ પર નોટો મૂકી દીધી.

ઘડીભર જયાં ગમગીની હતી ત્યાં 'જય રામજી કી'નો નાદ ગાજી ઊઠયો.

એને શેઠે જયારે વાત જાણી કે બનવારી પાછો પૈસા આપી આવ્યો છે ત્યારે એણે નારાજગી દર્શાવી કહ્યુંઃ

'ઘૂંસા તે ઘૂંસા જ રહ્યા! સંતની પૂંછડી થવાથી કંઇ બંગલા ન બંધાવી શકાય. દસ હજાર રાખી લીધા હોત તો... પણ અકરમીનો પડિયા કાણા તે આનું નામ.'

એ પછી બનવારીનું મકાન દોઢ વર્ષે પૂરૂં થયું, પણ બનવારીને એનો અફસોસ નથી. બનવારીએ ઘર બની ગયાના સારા સમાચાર પેઢીમાં આપ્યા ત્યારે કહ્યું હતું પણ ખરું કે રામજી અને સીતામૈયાની મૂર્તિઓ મેં એમાં પધરાવી છે. જે ઘરમાં રામજીની મૂર્તિ હોય ત્યાં કોઇ જાતની ગડબડ સડબડ ચાલે જ નહિ! ક્યોંકી વહાં સે રામજી ઊઠકે ચલે જાતે હૈ...

## નમ્ર નિવેદન

સમાજનાં મુખપત્ર માં સંસ્થા સમાચાર, જાહેરાત તથા શ્રધ્ધાંજલી દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં મોકલવા નમ્ર વિનંતી.

શ્રધ્ધાંજલી જાહેરાત તથા સૌજન્ય દાતાનાં પાનામાં ફેરફાર કરવાનો હોય તેઓએ સુધારો વ્યવસ્થિત રીતે મોકલવાનો રહેશે.

આપણાં મુખપત્રમાં જેઓ મેમ્બર હતાં અને અત્યારે હયાત ન હોય તો તેમની આજીવન સભ્ય મેમ્બરશીપ અને મુખપત્રનું આજીવન મેમ્બરશીપ ઓટોમેટીક કેન્સલ થઇ જાય છે. તો તેમના ફેમેલી મેમ્બર્સ આજીવન સભ્ય ફી રૂા.૧૦૧ તથા આજીવન મુખપત્રની મેમ્બરશીપ રૂા.૨૭૦૦/- ભરી મેમ્બર થઇ જશો તેવી નમ્ર વિનંતી છે.

## બારમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

❖ માતૃદેવો ભવ : ❖

: જન્મ :
૧૬-૨-૧૯૪૬



: સ્વર્ગવાસ :
૧૬-૪-૨૦૧૨

# હંસાબેન ધનસુખલાલ વસા

**મૂળ વતન : વંથલી (સોરઠ) હાલ : વસઈ**

**અમારા જીવનજ્યોતિ, અમારા કુટુંબની ઉદ્ધારક,**
**તું હતી તો ઘર ખરેખર ઘર હતું,**
**આંગણે એક મીઠું સરોવર હતું. ફાયદો-નુકસાનનો હિસાબ શાનો!**
**તારું બસ હોવાપણું સરભર હતું.**
**''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા.''**
**આપના પુણ્યાત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ અર્પે**
**તેમજ આપના શુભ આશીર્વાદ અમારી સાથે રહે**
**તેવી અમારી અંતઃકરણ પૂર્વકની પ્રાર્થના!!!**

**સ્વ. ધનસુખલાલ પ્રભુદાસ વસા**
**રોહિત – અમીત**
**શ્રી જગજીવનદાસ અભેચંદ ધોળકીયા (માખીયાળા) પરિવાર**

એ-૧૦૬, શ્રુતિ સી-૬, દિવાન હાઉસીંગ એન્કલેવ, એવરસાઈન સીટી,
વસઈ (ઈસ્ટ), ૪૦૧૨૦૮. મો.: ૯૨૨૧૨ ૩૨૩૭૦
Email : rohit_vasa@hotmail.com

Kayami - April

## શ્રધ્ધાંજલિ



જન્મઃ
તા. ૭-૮-૧૯૭૮

અરિહંત શરણઃ
તા. ૧૫-૦૫-૨૦૨૧

# ટવીંકલ સુરેશકુમાર ગારડી

ઘણા લોકો એવા હોય છે જેની યાદ કયારેય ભુલાતી નથી
જેની ખાલી પડેલી જગ્યા કોઇ પુરી શકતું નથી.

**જીવ્યું તો એને કહેવાય જે પોતાના અસ્તિત્વની અમીપ છાપ છોડી જાય. ટ્વીંકલ અમારા પરિવારની આજ્ઞાંકિત પુત્રી, વહાલસોઇ બહેન, અમારા સહુની સ્મૃતિમાં કાયમ અંકિત રહેશે. તારી અણધારી વિદાય યાદ રાખીને આપણે સહુ પણ તેની જેમ કોઇના મુરજાયેલા ચહેરા ઉપર સ્મીત રેલાવીયે. કોઇના જીવનના આંગણમાં નયનરમ્ય રંગોલી કરી શકીએ. પ્રત્યેક પળ ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગથી વધાવીએ એજ પ્રાર્થના.**

**પિતાશ્રી : સુરેશકુમાર**    **માતાશ્રી : લીલમબેન**
**ભાઈ : દીવ્યેશ**    **ભાભી : શેલ્વી**
**બહેન : ડીમ્પલ**    **ભત્રીજા : નિશાન – શયાન**

**તથા પ્રભુલાલ ડાયાલાલ ગારડી પરિવાર અને**
**મોસાળ પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર**

Contract-5/3

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી,
માગજી વૃન્દાવન પ્રીમાઈસીસ કો.ઓ.સોસાયટી લી., રૂમ નં. ૪૭, ૩જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન: ૪૯૧૭૪૦૭૦



શેઠ શ્રી મનસુખલાલ માણેકચંદ વોરા



શ્રીમતી કાન્તાબેન મનસુખલાલ વોરા

**◆ રાહતદરે અનાજ વિતરણ યોજના ◆**

એપ્રીલ માસના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ

શેઠ શ્રી મનસુખલાલ માણેકચંદ વોરા

**પરિવારના સૌજન્યથી**

**◆ મે માસના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ ◆**

શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ

**પરિવારના સૌજન્યથી**



શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ



શ્રીમતી જશવંતીબેન શાંતિલાલ શેઠ



શેઠ શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ



શ્રીમતી દયાબેન ચંદુલાલ શાહ

**◆ મે માસના અનાજ વિતરણમાં ભાગ લેનાર ભાગ્યશાળીઓ ◆**

શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ

**પરિવારના સૌજન્યથી**

**◆ મસાલા વિતરણનાં ભાગ્યશાળીઓ ◆**

શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી

**પરિવારના સૌજન્યથી**



શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી



શ્રીમતી કુસુમબેન હરિલાલ ભીમાણી

## અગિયારમી વાર્ષિક પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ







# સ્વ. ભારતીબેન કીર્તિભાઈ મહેતા

**સ્વર્ગારોહણ : તા.૨૧-૪-૨૦૧૪ - (વડાલ, હાલ - બોરીવલી)**

**સમય જીંદગીનો ઓછો હશે....ક્યાં ખબર હતી;**

**વિદાય તમારી અણધારી થશે ક્યાં ખબર હતી**

**વિદાય પણ એવી કે વીસરાય નહીં...જ્યાં કુદરત રૂઠી...કોને ફરિયાદ કરવી... ? ?**

**નાનીશી જિંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા; થોડા, સમયમાં ઘણું આપી ગયા...**

**આપની અણધારી વિદાયને મહેતા પરિવાર અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપે છે,**

**અંજલિ આપતા હૈયું ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...**

**પરમાત્મા આપના દિવ્ય આત્માને શ્રી સીમંધર સ્વામીનું શરણ આપે એજ પ્રાર્થના...**

સ્વ. શ્રી ભગવાનદાસ દામોદર મહેતા
સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા
કીર્તિભાઈ – દેવાંગ – કિંજલ – પ્રીશા – અનિકા
કૃપાબેન – મિતુલકુમાર – સિધ્ધ વોરા
ગીરીશભાઈ – હર્ષાબેન
હરિશભાઈ – જાગૃતિબેન
ભાવનાબેન – ભરતભાઈ
માયાબેન – સંજયભાઈ

**-: મહેતા પરિવાર :-**

Kayami - April

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રી હરસુખલાલ અંદરજી કોરડીયા
**સ્વર્ગવાસ : તા.૧૦-૦૪-૨૦૨૦**

ભક્તિ તમે કરી, પુણ્ય સૌને મળ્યા
કર્મ તમે કર્યા, ફળ સૌને આપ્યા
સંઘર્ષ તમે કર્યો, સુખ સૌને આપ્યુ

આપવું એજ તમારો જીવન મંત્ર હતો
લઈ શું ગયા તમે આપી ગયા અમને સૌને

તમારા આર્શીવાદથી પરિવાર સુખી-સમૃધ્ધ થયો
મન હજું માનતું નથી કે તમો અમારી વચ્ચે હયાત નથી
હૃદયની લાગણી કહે છે તમો તો અમારી આસપાસ છો

આવા ઉત્તમ આત્માને પ્રભુ શાંતી અર્પે
આપની ખોટ અમોને સદાય રહેશે.

## સ્વ.કંચનબેન હરસુખલાલ અંદરજી કોરડીયા

**પુત્ર-પુત્રવધુ** : રાજેશ - ડોલી     હિતેન - રીટા     રોહિત - મીના
**પુત્રી** : નીલા ચંદ્રેશ શાહ
**પૌત્ર-પૌત્રી** : રીષભ - પ્રિયા     જય     જીનલ - હિલોની
ધૈર્ય - મૈત્રી     આર્ચી
**દોહિત્ર-દોહિત્રી** : જીનાલી - હાર્દિક શાહ     પીહુ     રાહુલ

**લી. : અંદરજી પાનાચંદ કોરડીયા પરિવાર**

Kayami/April

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

જન્મ :
૧૩.૦૫.૧૯૩૩





અરિહંત શરણ :
૦૮.૦૪.૨૦૦૨



## સ્વ. શ્રીમતી ભાનુમતી મનસુખલાલ ભીમાણી

**આપની ચીર વિદાય ને ત્રેવીસ વર્ષ પૂરા થયા.**
**અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર અમારા પરમ પૂજ્ય માતુશ્રીને અમો નત: મસ્તકે હૃદયપૂર્વક શબ્દો રૂપી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છે કે ''બા, તમે એક એવું વૃક્ષ હતા જયાં ઝંઝાવાત પણ નિરાંતનો શ્વાસ લે છે. તમે વહાલનું વાદળ અને વાત્સલ્યનું અમી ઝરણું... તમારી ગેરહાજરીમાં તમારું વાત્સલ્ય વાયુમંડળના કણ.. કણમાં ફેલાઇને અમને સહુને આલિંગન આપે છે.''**
**એવા પૂજ્ય માતુશ્રીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ...**

**લી. સ્વ મનસુખલાલ હેમચંદ ભીમાણી પરિવાર**

**પુત્રો :** સ્વ. વિરેન્દ્ર, પરિમલ, મુકેશ, પિયુષ
**પુત્રવધુ :** પ્રેરણા, દર્શના, નિશીતા, અલ્કા
**પુત્રી :** રેખા
**જમાઇ :** રોહિતકુમાર
**પૌત્રો :** અમિષ, ક્રિતેશ, દિપેશ
**પૌત્ર વધુ :** ભક્તિ, નિષ્ઠા
**પૌત્રી :** કવિતા, વૈશાખી, હિલોની, ધારા
**જમાઇ :** તેજસ, કલ્પેશ, રીતેશ, પારસ
**દોહીત્ર :** જિનેશ
**દોહિત્ર વધુ :** હેમાંગી
**દોહીત્રી :** પૂજા
**જમાઇ :** હાર્દિક કુમાર
**પ્રપોત્રો :** મોક્ષ, વીઆન, આરવ અને નિવાન
**પ્રપોત્રી :** પ્રિશા, આશ્વી, હેઝલ

## શ્રદ્ધાંજલી

  

# સ્વ. છગનલાલ હીરાચંદ ભણસાલી

**અરિહંતશરણ : તા.૦૫-૦૪-૧૯૯૩**

**''તમારી વિદાયથી અમારા જીવનમાં ખાલીપો પડી ગયો છે, પરંતુ તમારી યાદ કાયમ રહેશે.''**
**''તમે ગયા છો, પરંતુ તમારા ઉપદેશો હંમેશા અમને સાચા માર્ગ તરફ માર્ગદર્શન આપશે.''**



## ગુલાબબેન છગનલાલ હીરાચંદ ભણસાલી પરિવાર



**પુત્ર-પુત્રવધુઃ હિતેષ - પ્રિતિ, રાજેશ - લલિતા**
**દીકરી-જમાઇ : હંસા - જયપ્રકાશ, હર્ષદા - કનક, કિરણ - મહેશ**
**કવિતા - મહેન્દ્ર, કલ્પના - નીતિન**
**પૌત્ર-પૌત્રીઃ કુનાલ - ઇશા, ક્રિયા - શ્રેય, ખુશ્બુ**
**પ્રપૌત્રીઃ આન્યા**

**INDUSTRIAL ASSOCIATES**
**RAJ IMPEX • C.H. BHANSALI & CO.**
**Contact Person :**
**Rajeshbhai Bhansali (Mo.:9323491370) - Hiteshbhai Bhansali (Mo.: 9322511846)**
**Nitinbhai Shah (Mo.: 9820025620)**
**C-214, Antophill Warehousing Complex, Vidyalankar College Road,**
**Wadala (East), Mumbai - 400037.**
**Tel.: 7041543853 / 57 Mo.: 9702711846**
**Web.: www.associatedindustries.com • Email.: sales@associatedindustries.com**

પ્રભુ કયારેક કોઇનું મદ સહન કરતા નથી. જીવને જયારે પોતાના પર મદ આવે, હું પદ આવે ત્યારે પ્રભુ તેનું ઐશ્વર્ય પ્રકટ કરતા હોય છે. આપણે તો સાવ સામાન્ય મનુષ્ય છીએ, એકવાર દેવર્ષિ નારદજીને અહંમ થયો કે જગતમાં મારા જેવો કોઇ ભક્ત નથી. કારણકે હું ચોવિસે કલાક નારાયણ નામના જપ કરું છું. ધારુ ત્યારે પ્રભુના દર્શન કરી શકું. એમ કહેતા પ્રભુના દર્શને ગયા. નારદજી જયાં જયાં જાય ત્યાંથી પ્રભુ બીજી કોઇ જગ્યાએ ચાલ્યા ગયા હોય, અંતે નારદજીને પોતાના મદનું ભાન થયું. એટલે બે હાથ જોડી પ્રભુની ક્ષમા માંગવા લાગ્યા. અઢાર અક્ષૌહિણી સેના સામે બાઝ ભીડનાર અર્જુન કાબા (જંગલમાં રહેનાર આદિવાસી) સામે હારી જાય છે, ત્યારે તેને સમજાય છે કે તેના રથના સારથી સ્વયં પરમાત્મા હતા, ત્યારે અર્જુનનું 'હું' છુટે છે. ઇન્દ્રને અભિમાન થયું કે મારી કૃપાથી વરસાદ થાય એટલે ધરતી અને સ્વર્ગનો હું રાજા. બધુ મારી આજ્ઞા પ્રમાણે થવું જોઇએ ત્યારે પ્રભુએ ગોર્વધન લીલા કરી ઇન્દ્રનો માનભંગ કર્યો. પ્રભુએ સોંપેલા કાર્યોથી દેવતાઓ જયારે વિમુખ થયા ત્યારે પ્રભુએ અનેકવિધ લીલાઓ કરી તેઓના મદને દુર કર્યા. શ્રદ્ધાથી હિમાલય ઉંચકી લેનાર દત્તાનંદ ઘમંડથી વશ થઇ અંગદનો પગ પણ હલાવી શકતો નથી. અભિમાનના નશામાં જો રાવણની આવી દશા થતી હોય તો આપણા 'હું' પદની તો કયાં વાત કરવી?




કાળા માથાનો માનવી મોટેભાગે એમ જ માનતો હોય છે કે હું કમાઉં છું. એટલે ઘર ચાલે છે. આ ફક્ત મારી બુદ્ધિ અને પુરુષાર્થનું ફળ છે. સાચુ દાન એ છે કે જેમણે જમણે હાથે દઇએ તો ડાબા હાથને ખબર પણ ન પડે. મોટાભાગના લોકો દાન દેતી વખતે મોટા ભાષણો, દાન લેનાર વ્યક્તિઓના ફોટા પાડે, લેનારની લાચારીનું પ્રદર્શન કરે. મોટી તક્તીઓ મરાવે અને છાપાઓમાં એ સોશ્યલ મીડિયામાં પોતાના અહંમને સંતોષવા ઠાવકાઇથી પ્રદર્શિત કરે. એમાં રોમેરોમમાં દાતા બની બેઠેલા વ્યક્તિઓના અહંમની દુર્ગંધ જ આવે.

પ્રભુને અહંમ પસંદ નથી, પછી ભલે ને એમના નિજ ભક્તજનોનો જ કેમ ન હોય! લઘુરાસ કર્યા બાદ ગોપીઓને મદ આવ્યો કે ત્રિલોકનો નાથ પોતાની આગળ છછીયા (મોટો વાટકો) ભરી છાસ માટે કેવો નાચે છે! પ્રભુ રાસમાંથી અંતરધ્યાન થયા. ગોપીઓને પ્રાયશ્ચિત થયો અને એવી દશા થઇ આવી કે જો પ્રભુ દર્શન ન આપે તો ગોપીઓના પ્રાણ નીકળી જાય, ત્યારે પ્રભુએ પ્રકટ થઇ દર્શન આપ્યા. વડીલો ઘણીવાર પોતાના નિર્ણયો બાળકો પર ઠોકી બેસાડતા હોય છે. હું કહું તેમ કરો, હું કહું તેમ જ થવું જોઇએ. હું કહું ત્યારે બહાર જવું, અરે ભણતરમાં કયો વિષય પસંદ કરવો, કંઇ શાળા, કોલેજ, વર-કન્યા પસંદ કરવા જેવી બાબતોમાં પણ વડીલો પોતાના અહંમ ખાતર નિર્ણયો ઠોકી બેસાડે છે. તેને પોતાના અનુભવમાં ખપાવી દેતા હોય છે. સાસુ દ્વારા વહુને આજ્ઞામાં રહેવાનું, મારી સાસુએ આમ કર્યું, અમે તો અમારી સાસુમાની આજ્ઞામાં રહેતા. એ કહે તેમ જ કરતા, આવનારી નવી વહુ પર સાસુમાની જોહુકમી બેસાડી દેતા હોય છે. જેને પરંપરાના નામે ખપાણી દેવામાં આવતી હોય છે. પરંતુ પરિવર્તન સંસારનો નિયમ છે. જેમ જેમ આંબામાં કેરી આવતી જાય તેમ આંબો પણ નમતો જાય છે.

નરસિંહ મહેતાને ખરે ટાણે કામ પાર પાડનાર પ્રભુપ્રત્યે નરસિંહ મહેતા એ કયારેય હું પદ રાખ્યું નથી. કે હું બોલાવું ત્યારે ત્રિલોકના નાથને પણ આવવું પડે! બલીરાજાએ કયારેય અભિમાનમાં 'હું' પદનો ગર્વ લીધો નથી કે ખુદ પરમાત્માએ પણ વામનરૂપ લઇ મારી આગળ દાનની પાચના માટે આવવું પડે. જગતમાં બલીરાજા જેવું આત્મસર્મપણ કોઇએ કર્યું નથી. નરસિંહ મહેતા, મીરાબાઈ, બલીરાજા, ધ્રુવ, પ્રહલાદ જેવા ભક્તજનો ભક્તની સર્વોચ્ચ કક્ષાને તેથી જ પામી શકે છે. જીવનમાં ડગલેને પગલે કોઇપણ કાર્ય કરતા 'હું' પદની ભાવના ન આવે એ બાબતથી સાવધ રહેવાનું છે. જન્મ થવા પર વહેંચાતી મીઠાઇથી શરૂ થતી જિંદગીની રમત શ્રાદ્ધના દુધપાક પર આવીને પુરી થાય છે. બસ આજ તો જીવનની મીઠાશ છે. દુર્ભાગ્ય તો એ છે કે માણસ આ બંને મીઠાઇ ખાય નથી શકતો. છર્તે પણ બધુ મારું છે ના ભ્રમમાં જિંદગી જીવે છે. ઝાંખી કયાંથી થાય હું પદ હૈયેથી ના વિસરાય, હરિ તારી ઝાંખી કયાંથી થાય? હું ની મટકી ફુટે તો જ હૈયુ માખણ-માખણ થાય એ વાત તો સો ટકા સાચી!

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય (Boys)
## સીટ બાબત અગત્યની સૂચના

સમાજના ભાઈઓ / બહેનોની જાણકારી માટે કે આપણી પાસે બોયસની માટે ૧ સીટ ખાલી છે. જેમને પણ જરૂરિયાત હોય તે વ્યક્તિએ શ્રી શશીકાંતભાઈ ગીરધરલાલ વોરાનો સંપર્ક કરવો મો. : 9324802893

## ચૌદમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



# સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા

**જન્મ : તા.૩૧-૧-૧૯૨૯** **સ્વર્ગવાસ : તા.૨૧-૪-૨૦૧૧**

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા;
સુગંધ જેની ચો-તરફ મૂકતા ગયા''
સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં,
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.

**આપના પાવન આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમજ આપના આશીર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંત:કરણપૂર્વકની પ્રાર્થના...!!**

**સ્વ. કંચનબેન અમીચંદભાઈ વોરા**
**સ્વ. સંજય અમીચંદભાઈ વોરા**
**સ્વ. પરેશ અમીચંદભાઈ વોરા**

**શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

Kayami - April



# પ્રમુખ સેવકની કલમે

આદરણીય વડિલશ્રીઓ અને સમગ્ર સમાજના પ્રિય પરિવારજનો,

પ્રણામ, જય જિનેન્દ્ર,

તારીખ ૨૨-૦૨-૨૦૨૫ ના શુભ દિને આપણા સમાજની ત્રિવાર્ષિક સામાન્ય સભામાં (એ.જી.એમ.) આગામી ત્રણ વર્ષે માટે ૨૦૨૫ થી ૨૦૨૮ ના કાર્યકાલ માટે નવી કારોબારી સમિતિનો સર્વાનુમતે ચુંટવા બદલ નવી સમિતિના પ્રમુખ સેવક તરીકે સમગ્ર સમિતિ વતી આપ સહુના અંતરની લાગણી સાથે હર્ષ અને આભાર માનું છું.

આપ સહુએ મને સમાજના પ્રમુખ સેવક તરીકે ફરીથી સેવા કરવાની તક આપવા બદલ હું અને મારી સમિતિ અત્યંત પ્રોત્સાહિત થયા છીએ.

સહુથી પહેલા તો વર્ષ ૨૦૨૧ થી અત્યાર સુધીમાં સમાજના ભાઈઓ/બહેનો જેઓ અરિહંતશરણ પામ્યા છે તેઓને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ તેમજ પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તે જ પ્રાર્થના.

ગયા વખતની જેમ જ નવી સમિતિમાં પસંદ થયેલા દરેક સભ્યો ઉપનગરના મંડળોના પ્રતિનિધિઓ છે અને સેવા કરવા તત્પર છે.

સમાજને એક તાંતણે રાખવા અને વધુ ઉંચાઇએ લઇ જવા માટે સહુ પ્રયત્નશીલ રહેશે. ઉપનગરના દરેક મંડળોએ તેમનું પવિત્ર ઉત્તર દાયિત્વ નિભાવીને એકતા અને મારાપણાની ભાવનાના દર્શન કરાવ્યા છે. સમાજના ઉત્કર્ષ માટે સાથ સહકાર સહયોગ અતિ મહત્વના છે. આ વખતની સમિતિમાં પણ તરવરિયા યુવાનો તથા અનુભવ સિદ્ધ વ્યક્તિઓની કાર્યદક્ષતા અને સમાજ માટે કરી છૂટવાની ભાવના દ્વારા સમાજ ઉચ્ચ શિખરો સર કરશે જ.

**છેલ્લા ૩ વર્ષની અવધિ દરમ્યાન સમ્પન્ન થઇ શકેલા કાર્યોની ઝલક.**

(૧) મુખપત્રનું લાયસન્સ જે રદ થઇ ગયું હતું તે રીન્યુ કરાવ્યું. (૨) ૫૦ વર્ષનું સેલિબ્રેશન ભાઈબીજ સંમેલન બિરલા સભાગૃહમાં શાનદાર રીતે ઉજવણી કરી. (૩) કલચરલ (સાંસ્કૃતિક) પ્રોગ્રામ ઘાટકોપર ખાતે સફળ આયોજન. (૪) ૨૦૨૪ માં દાંડિયારાસ ના પ્રોગ્રામનું સફળ આયોજન, (૫) નવી આરોગ્ય આર્થિક સહાય યોજના, (૬) ધોરણ ૧ થી ૯, ઉચ્ચ ક્રમાંક સિવાયના બાકી રહેલા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ તથા સ્નાતકો અને અનુસ્નાતકો તથા ધાર્મિક પારિતોષિકમાં વધારે સરસ માર્કસ લાવનાર વિદ્યાર્થીઓને વધારે સારી રીતે ઇનામ આપી શકાય તે માટે દાતા પરિવારનો સંપર્ક કરવો. (૭) દાતાશ્રી ના સંપૂર્ણ સહયોગ થી સ્પેશિયલ ઇનામો ની યોજના ધોરણ દસ અને બારમાના વિદ્યાર્થીઓ માટે, (૮) એજયુકેશન ફંડમાં વધારો કરવા રૂપિયા ૧૮૦૦૦ ની સ્કીમ

ઉપરોક્ત અનેક યોજનાઓમાં દાતા પરિવારો મન મૂકીને વરસ્યા હતા અને સમાજના પરિવારજનોએ પણ ગર્વ અને ગૌરવથી સાથ અને સહકાર આપીને વધાવ્યા હતા.

**૨૦૨૫ થી શરૂ થતાં ત્રણ વર્ષ દરમ્યાન કાર્ય કરવાની સૂચિ જણાવતા પણ અત્યંત હર્ષ અનુભવી રહ્યો છું.**

(૧) બંધારણમાં સમયની ગતિ પ્રમાણે ફેરફાર,

(૨) સમાજના લેવલ અનુસાર મહિલા મંડળ ની સ્થાપના કરવી

(૩) શૈક્ષણિક સહાય અને આરોગ્ય આર્થિક સહાય યોજના માટે કોર્પ્સ ફંડ માં વૃદ્ધિ કરવી,

(૪) પર્યુષણ પછી ચૈત્રપરિપાટીનું આયોજન

(૫) વસ્તી પત્રક બનાવવું,

(૬) યંગ જનરેશન ને સમાજમાં ઓતપ્રોત કરવા માટે દાંડિયા રાસ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

(૭) સમાજની વેબ સાઇટ ડેવલપ કરવી,

(૮) મુખપત્રને નુકશાન માંથી બહાર કાઢી આત્મ નિર્ભર બનાવવું.

ભવિષ્યમાં પણ સમિતિના કાર્ય વિષે આપ સહુ સાથે વિસ્તૃત સંપર્ક માં રહીને વિચારોનું આદાન પ્રદાન કરવાની તીવ્ર લાગણી અનુભવું છું. અને સમાજની પ્રગતિ ઉન્નતિ માટે આપ સહુના સાથ સહકાર અને સહયોગ પ્રાપ્ત કરવાની શ્રદ્ધા છે.

શ્રી. કિરીટકુમાર પ્રભુલાલ મહેતા

પ્રમુખ સેવક - મો.. ૯૮૨૦૨ ૨૯૦૩૬

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## સમાજની કારોબારી સમિતિ ૨૦૨૫-૨૦૨૮



**શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા**
પ્રમુખ



**શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા**
ભૂતપૂર્વ પ્રમુખ



**શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા**
ઉપપ્રમુખ



**શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી**
માનદમંત્રી



**શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા**
માનદમંત્રી



**શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા**
ખજાનચી



**શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા**
મુખપત્ર તંત્રી



**શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી**
સભ્ય



**શ્રી જયુભાઈ ચુનીલાલ દોશી**
સભ્ય

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## સમાજની કારોબારી સમિતિ ૨૦૨૫-૨૦૨૮



શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા
સભ્ય



શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા
સભ્ય



શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા
સભ્ય



શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા
સભ્ય



ડૉ. ધર્મેશભાઈ રસિકલાલ વોરા
સભ્ય



શ્રી મેહુલભાઈ વિનોદરાય શેઠ
સભ્ય



શ્રી અરૂણભાઈ મનસુખલાલ વોરા
સભ્ય



શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ વોરા
કો-ઓપ્ટ



શ્રી હિતેષભાઇ છોટાલાલ વોરા
કો-ઓપ્ટ

## એપ્રિલ માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# જીવ્યા થોડું, જીતી ગયા ઘણું



શ્રી ચુનીલાલભાઈ ગોપાલજી વસા

શ્રી ચુનીલાલભાઈનો જન્મ મજેવડી મુકામે સં.૧૯૭૪ના ભાદરવા વદી-૨ને સોમવાર તા.૯-૮-૧૯૧૮ના રોજ થયો હતો. બચપન વતન મજેવડીમાં જ વિતાવ્યું. સં.૧૯૯૪ના વૈશાખ વદ-૧૩ને શુક્રવાર તા.૨૭-૫-૧૯૩૮ના રોજ ૨૦ વર્ષની ઉંમરે મુંબઈ કમાવા આવ્યા. શરૂઆતમાં મુંબઈના શાપરીયા ડોકમાં નોકરી કરી. પણ મનમાં નિશ્ચય કર્યો હતો કે પોતાનો સ્વતંત્ર ધંધો કરી જીવનમાં આગળ વધવું. પોતાની આગવી કુશળતા, સાહસ અને બુદ્ધિશક્તિથી સૌ પ્રથમ મલાડમાં એક નાનું એવું લેથ મશીન બનાવવાનું કારખાનું શરૂ કર્યું. ત્યારબાદ અપ્રતિમ સફળતા હાંસલ કરીને કાંદિવલી (વેસ્ટ)માં જમીનનો પ્લોટ લઈને જાત-મહેનતથી દવાની ગોળીને સ્ટ્રીપમાં પેકીંગ કરવાના અતિ આધુનીક ઓટોમેટીક મશીન બનાવવાનું ચાર માળની ફેક્ટરી બનાવી જેનું તેને મે.જેમકો ચક મેન્યુ. વર્કસ નામ આપ્યું હતું.

ચુનીલાલભાઈના લગ્ન સં.૨૦૦૧ના મહાસુદ ૧૦ના તા.૨૩-૧-૧૯૪૫ના રોજ મોટી મારડ નિવાસી શ્રી કાનજી નેમચંદ શાહની સુપુત્રી નિર્મળાબેન સાથે મોટી મારડ મુકામે થયેલ હતાં. તેમના ધર્મપત્નીનો જીવનમાં ૬૮ વર્ષનો સાથ રહ્યો હતો. પરિવારમાં ત્રણ દીકરાઓ અને છ દીકરીઓ. તેમના બીજા નંબરના દીકરી વર્ષાબહેન ઉપર તેમને બહુ હેત અને પ્રેમ હતાં એટલે તેઓ તેમને ''ભગવાન'' કહેતા. અને આ ભગવાન જ તેમની જીવન પર્યંત સેવા ચાકરી કરેલ હતી.

ચુનીલાલભાઈ તા.૧૭-૪-૨૦૧૩ના રોજ વિલે પારલે (ઈ) ખાતે અરિહંત શરણ પામ્યા. તેમની યાદમાં તેમની સુપુત્રી વર્ષાબેને પુણ્યના ઘણાં શુભ કાર્યો કર્યા. ભાવનગરના પાંજરાપોળમાં ગાયોનો વાડો બંધાવ્યો અને ત્યાં પાણીનો પંપ અને મોટર મુકાવી ચોખ્ખા પાણીનું પરબ બંધાવ્યું. ભાવનગરની ગાયત્રી સોસાયટીના દેરાસરમાં સોનેરી શત્રુંજય તીર્થનો પટ અને જૂનાગઢ ગીરના નેમિનાથદાદાનો પટ બનાવડાવી પ્રતિષ્ઠા કરેલ છે. રાજકોટની શેઠ શ્રી દેવકરણ મૂળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડિંગસમાં તખ્તીઓ મુકાવવા માટે યોગદાન આપેલ છે. શ્રી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈમાં રૂા.ત્રણ લાખનું યોગદાન અનાજ વિતરણ યોજનામાં આપેલ છે. ચૈત્ર સુદ-૭ના વાપીની બાજુના ૨૨ ઘરના ગામને દત્તક લીધેલ છે. આ રીતે તેમના સ્મરણાર્થે તેમના પરિવારને પ્રેરણા મળતી જ રહે.

### તેમના સમગ્ર પરિવાર તરફથી પ્રાર્થના

દેહનો વિલય થાય છે પરંતુ આત્માનો વિલય થતો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહીં. આપે વિદાય લીધી, સંકેલી લીધી માયા, મહેનત કરી કમાયા, કુટુંબના વડીલ તમે, ગુમાવી અમે છત્ર છાયા. કાળે જુદા પાડ્યા ભલે પણ હૃદયે રહેશો સમાયા, એક પણ દિવસ એવો પસાર નથી થયો કે પૂજ્યશ્રી આપની યાદ ન આવી હોય.

વહી જતાં સમયના વહેણમાં એક એક પળ યાદ કરતાં આપની વસમી વિદાયને આજે બે વર્ષ વિતિ ગયા છતાં આપની સ્નેહભરી સ્મૃતિઓ અને સુસ્મરણો થકી યશસ્વી જીવનની યાદગાર પળો ક્ષણભર પણ ભુલાતી નથી. નથી થતો હજી પણ આ હૃદયને વિશ્વાસ કે તમે ઘરના ખૂણે ખૂણામાં તમારી સુવાસ, હજી થાય છે હરપળ તમારો આભાસ રહેશે તમે સદા અમારી સાથ.

જીવ્યા થોડું જીતી ગયા ઘણું, ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે. નહોતી ખબર કે આટલું વહેલું તમારે જવાનું છે, પણ આપ ગયા તે રીતે કોઈ જતુ નથી. અમારા મસ્તક પર રાખજો સદા તમારો હાથ સહ નતમસ્તકે શ્રદ્ધા સુમન આપને યાદ કરનાર પરિવારજનો :

જીવન સંગીની નિર્મળાબેન ચુનીલાલ વસા, પુત્રો-પુત્રવધુઓ, દીકરીઓ-જમાઈઓ, હ.: વર્ષાબેન ચુનીલાલ વસા.

ચુનીલાલભાઈ તેમના પરિવારની ઉત્કૃષ્ટ સેવા બદલ તેમનું જીવન તેમના પરિવાર માટે દિવાદાંડી સમ બની રહેશે તેમજ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ તેમના પરિવારજનોના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભ-ભાવના.

# પ્રેમ ખરેખર, કેવો અદ્ભુત છે !

**- આરતી રામાણી 'એન્જલ'**

જીવનસાથી એટલે જીવનભરનો સાથ આપનાર સાથી એમ કહી શકાય. જયાં સુધી છેલ્લો શ્વાસ રહે એ આપણી સાથે રહે, આપણને સાથ આપે, પરંતુ ઘણીવાર સાથીના મૃત્યુ થવા છતાં પણ એનો સાથ છૂટી શકતો નથી અને ત્યારે એ જોડીને જોતાં આપણાં હૃદયમાંથી ફક્ત એક જ અવાજ નીકળે, 'વાહ! પ્રેમ'.

જીવનમાં માણસ એકલતાથી કંટાળતા એક જીવનસાથી પસંદ કરી એની સાથે આખું જીવન વ્યતીત કરવાનું પસંદ કરે છે. જયારથી જીવનસાથી જીવનમાં આવે જાણે એનો ખાલીપો ભરાઇ જાય છે! દુઃખ સુખમાં, આંસુ ખુશીના અને એકલતા મહેફીલમાં પરિર્વતિત થઇ જાય છે. છેલ્લા શ્વાસ સુધી એ એની સાથે જ રહેવા ઇચ્છે છે. પરંતુ ઘણીવાર જીવનસાથીના છેલ્લા શ્વાસ છોડ્યા બાદ અજવાળું ફરી અંધારામાં બદલાઇ જતાં એ પોતાના સાથીનો સાથ છોડી શકતો નથી. એના પ્રત્યેનો લગાવ, લાગણી, પ્રેમ એ ત્યજી શકતો નથી. એ પણ પોતાના સાથી સાથે જવા ઇચ્છે છે, પરંતુ કુદરત એને એવું કરવાની પરવાનગી નથી આપતી. આવું મનુષ્યમાં જ નહીં, પશુ, પ્રાણી અને પંખી જેવા દરેક જીવોમાં પણ જોવા મળે છે. આપણે સારસ પંખી વિશે સાંભળ્યું હશે. એ આજીવન એક જ સાથી સાથે જીવન જીવવાનું પસંદ કરે છે અને અધવચ્ચે જો પોતાનો સાથી પોતાને હંમેશાં માટે અલવિદા કહી અને દુનિયા છોડી દે તો એ પોતે પણ સાથીના મૃત્યુ બાદ ખાવા પીવાનું બંધ કરી દે છે અને જાતે જ મોતને ભેટી લે છે! ખરેખર, કેવો અકલ્પનીય પ્રેમ! પોતાનો સાથી ના રહે તો પોતે પણ જીવન જીવવાની ના પાડી, જિંદગી પ્રત્યે અણગમો કરી અને મૃત્યુને પસંદ કરી લે! બેશક, માણસ પોતાની પારિવારિક જવાબદારીનાં લીધે આવું નથી કરી શકતો, પણ સાચો પ્રેમ કરવો એ તો એના હાથમાં છે જ છતાં એ નથી કરી શકતો.

ઘણા વર્ષો પહેલાં અમે જે ભાડાનાં મકાનમાં રહેતા ત્યાં અમારાં મકાનની એકદમ સામે જ હનુમાન દાદાનું મંદિર હતું અને મંદિર પર શિખરની આજુબાજુ લીસી લાદી પાથરેલી હતી. ડેલી ખોલીએ કે હનુમાનદાદાના સીધા દર્શન થઇ જતા. અમારી અગાશી પરથી એ મંદિર અને એની આસપાસનું બધું સ્પષ્ટ પણે જોઇ શકાતું. મંદિર, મંદિરનું પ્રાંગણ, પ્રાંગણની જમણી બાજુ તુલસીજીનો મોટો કયારો સાથે એક મોટું લીમડાનું ઝાડ, ઝાડનાં છાંયડે બેઠેલી ગાયો, મંદિરની ડાબી બાજુ પર એક મોટો અને ઊંચો ચબૂતરો, ચબૂતરામાં ચણતાં પંખીઓ, ચબૂતરામાંથી ઊડીને નીચે જમીન પર આવતાં પંખીઓ પર તાકતી નજરે બેઠેલા શ્વાન, ચબૂતરાની પાસે ગાય અને ભેંસ જેવા પશુઓ માટે બાંધેલો અવેડો અને એની સહેજ પાસે એક ડીપવેલ સાથે મોટી ચોકડી જેમાં સ્રીઓ પાણી ભરવા તથા કપડા ધોવા આવતી તથા એની પાસેથી વહી રહેલું મોટું નાળું, આજે પણ આ બધું નજર સામે તરવરી ઊઠે એવી ઊંડી છાપ છે ત્યાંની. એકવાર ચોમાસાનો વખત હતો. હંમેશની જેમ એ દિવસે પણ આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. જોતજોતામાં તો ધોધમાર વરસાદ પણ શરૂ થઇ ગયો. પ્રકૃતિ પ્રેમી હોય એને વરસાદમાં ભીંજાતા કોણ રોકી શકે! રવિવાર હોવાથી નોકરી પરથી પણ રજા હતી એટલે વરસાદ શરૂ થતા હું અગાશીમાં દોડી આવી ત્યાં મારું ધ્યાન એ મંદિરની લાદી પર પડયું. આસાનીથી હું ત્યાં બની રહેલી ઘટના નિહાળી શકતી હતી. ત્યાં લાદી પર એક કબૂતરનો મૃતદેહ પડયો હતો. કદાચ કોઇ બિલાડીની ઝપટમાં આવી ગયું હશે અથવા તાર પરથી નીચે પટકાઇને એનો જીવ ગયો હશે. એનાં મૃત્યુનું ખરું કારણ જાણવા તરફ ધ્યાન જઇ શકે એમ જ ના હતું. કારણ એ કબૂતરનાં મૃતદેહની એકદમ અડીને જ એનું જોડીદાર સાથી કબૂતર એની પાસે જ બેસી અને એકીટશ એને નિહાળી રહ્યું હતું! જાણે એ સાથી પોતાને એકલું છોડી ગયું એવું આંખો દ્વારા કહી રહ્યું હોય એમ ના તો હલતું હતું કે ના તો ત્યાંથી ઊડવાની કોશિશ પણ કરતું હતું! ભર વરસાદ જે કહી શકાય કે અતિ ભારે ધારામાં પડી રહ્યો હતો કદાચ આકાશ પણ આ બન્નેનાં પ્રેમ અને વિરહને જોઇ રડી રહ્યું હશે! એ સાથી કબૂતર વરસાદની ધારામાં પલળતું રહયું, પણ પોતાનાં જીવનસાથીના મૃતદેહથી સહેજે દૂર જવા તૈયાર ના હતું. એ દૃશ્ય જોઇ મન ખરેખર ભરાઇ આવ્યું. થોડીવાર હું એને નિહાળતી રહી, પરંતુ કયાંક અતિ ભારે વરસાદથી એ સાથી કબૂતર પણ બીમાર ન પડી જાય અને એ પણ મૃત્યુ ના પામે એવું વિચારી, મકાન માલિક પાસેથી સીડી માંગી હું એ મંદિરના શિખર પાસે પહોંચી. એ સાથી કબૂતર મને જોવા છતાં પણ ત્યાંથી ખસ્યું નહીં, ડર્યું નહીં પછી એ કબૂતરનો મૃતદેહ લઇ હું નીચે ઊતરી અને તેને નાળાનાં પાણીનાં પ્રવાહમાં વિસર્જિત કર્યો. કારણ ચોમાસાને લીધે વારંવાર પડી રહેલા વરસાદને કારણે તેમાં પાણી એકદમ ચોખ્ખું વહી રહ્યું હતું ત્યારે એ સાથી કબૂતર મંદિરની લાદી પરથી ઊડી, ચબૂતરા પર બેઠાં બેઠાં પોતાના જીવનસાથીને પાણીમાં વહેતાં વહેતાં પોતાનાથી ધીરે ધીરે દૂર જતાં, પોતાને હંમેશ માટે એકલું છોડી જતાં જોઇ રહ્યું પછી હું ત્યાંથી ફરી મારાં ઘરમાં પાછી આવી કદાચ એ સમયે પાછું વળીને એ એકલાં પડી ગયેલાં સાથી કબૂતર તરફ જોવાની મારામાં હિંમત ના હતી.

પ્રેમ ખરેખર, કેવો અદ્ભુત છે! આજકાલ સ્વાર્થના તંતુથી ગૂંથાયેલા સંબંધોમાં હવે આ કબૂતર અને સારસ જેવો પ્રેમ ભાગ્યે જ જોવા મળે છે, પરંતુ જયારે પણ એવો પ્રેમ જોવા મળી જાય ત્યારે એ પ્રેમને વંદન કરવા આપણું મન ઝૂકી જ જાય એમાં બેમત નથી.

**સ્વાર્થના તંતુએ કર્યો છે એકદમ પાંગળો,**
**કયાં જોવા મળે છે સારસ જેવો પ્રેમ આંધળો !**
**બીજા દરેક જીવો હજુ સાચવીને બેઠા છે,**
**માણસની લાગણીને જડથી લાગ્યો છે સળો.**

||શ્રી અજીતનાથાય નમઃ||

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ
તા.૨૩-૧૧-૧૯૩૦

સ્વર્ગવાસ
તા.૨૬-૪-૨૦૧૮

વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી

## સ્વ. ભગવાનદાસ દામોદર મહેતા

આપના વિચાર અમારા આદર્શ છે. આપની સ્મૃતિ અમારી મૂડી છે.
આપે ચિંધેલા માર્ગનું અનુકરણ અમારું લક્ષ્ય રહેશે
આપના દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત સુખ
અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે
તેવી અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ સાથે પ્રાર્થના

**સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા**
**કીર્તિભાઈ - સ્વ.ભારતીબેન, ગીરીશભાઈ - હર્ષાબેન તથા**
**હરીશભાઈ - જાગૃતિબેન મહેતા પરિવાર**
**ભાવનાબેન - ભરતભાઈ કોરડીયા તથા**
**માયાબેન - સંજયભાઈ મહેતા પરિવાર**
**કૃપાબેન - મિતુલકુમાર વોરા તથા**
**નેહાબેન - બિરજુકુમાર મહેતા**
**તથા મહેતા પરિવાર**

Kayami - April

**ઋણાનુબંધ**

આચાર્ય વિજય ઉદયરત્નસૂરિ મ.સા.

**જે પાપનું પ્રાયશ્ચિત આપણને નગણ્ય લાગે તે પાપમાં મોટા પાપનું બીજ રહેલું હોય છે**

# પ્રદ્યુમ્નસુરિની સુવર્ણરજ

કેટલાક વ્યક્તિઓ જન્મથી 'પ્રિયદર્શન' હોય છે, જેમને જોવા ગમે. ઓળખાણ-પિછાણ વગર પણ એમની દૃષ્ટિ આપણી ભીતર ઊતરી જાય. એમની વાણી શાતા આપે.

જૈન શાસનમાં આવા અનેક મહાપુરૂષ થઇ ગયા. એમાં જૈન સાહિત્યને અને સંસ્કારોને ઉચ્ચતમ બનાવનારા બે પુણ્યનામ સદા અમર રહેશે.

એક, આચાર્ય ભદ્રગુપ્તસૂરિ મહારાજ અને બીજા, આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ.



જૈન શાસનમાં આવા લેખકો-સાહિત્યકારો આજે દુર્લભ ભાસે છે પૂ. ભદ્રગુપ્તસૂરિ મહારાજનું તો ઉપનામ જ 'પ્રિયદર્શન' હતું. એમણે પંદરસો-પંદરસો પૃષ્ઠની નવલકથાઓ લખી, પ્રાચીન ગ્રંથોનાં ભાવવાહી વિવેચનો લખ્યાં. કવિતાઓ લખી. એમની ચિર-વિદાય પછી પણ તે અક્ષર-દેહે અમર છે. અમર રહેશે.

આવા જ એક સાહિત્યકાર જૈનાચાર્ય થઇ ગયા. એમનું નામ આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ મહારાજ! જેમણે માત્ર જૈન જ નહીં અપિતુ જૈનેતર સાહિત્યકારો સાથે અગ્રીમ હરોળમાં સ્થાન મેળવ્યું. કવિઓ-સાહિત્યકારો - વિવેચકોની સાથે મૈત્રી કરી. એમની કલમમાં કૌવત હતું. હું વિનમ્રતાપૂર્વક કહીશ કે જેણે જીવનમાં વિવેકી થવું હોય એમણે પૂ.પ્રદ્યુમ્નસૂરિની 'પાઠશાળા' વાંચી જવી જોઇએ; વિવેક એમનો સ્થાયીભાવ હતો. એમની કલમમાં સુવર્ણ હતું અને એ લખતા ત્યારે સુવર્ણરજ ઊડતી. આવી કેટલીક સુવર્ણરજ આજે તમને વિચાર અને વિવેકથી શ્રીમંત બનાવશે. લૂંટો:

બંધન અને બોજો લાગે તે ધર્મ નથી. અપ્રીતિ થાય તે પણ ધર્મ નથી. ધર્મીની જવાબદારી છે કે પોતાના નિમિત્તે ધર્મની અપ્રીતિ ન થાય.

- તમામ દુઃખોનો જડ અસ્વીકાર છે.. તમામ સુખોની જડ સ્વીકાર છે.
- જે પાપનું પ્રાયશ્ચિત આપણને નગણ્ય લાગે તે પાપમાં મોટા પાપનું બીજ રહેલું હોય છે.
- જીવને અંતિમ સમયે તેના પાપ યાદ ન કરાવવા પરંતુ, કરેલા સુકૃતોને યાદ કરાવવા.
- આપણે ધર્માનુષ્ઠાનને લાયક ન બન્યા... પરંતુ, આપણી ભૂમિકાએ ધર્માનુષ્ઠાન લઇ આવ્યા. ધંધામાં ધર્મ લાવવાને બદલે ધર્મમાં ધંધો લાવ્યા.
- સીવેલા કપડામાં શ્રાવક પ્રભુને સ્પર્શ કરે તો નિષ્ફળ જાય છે. ખંડિત વસ્રો ભાવને ખંડિત કરે છે.
- સુકૃત કર્યા પછી નિંદા ન કરવી અને પાપ કર્યા પછી અનુમાદના (પ્રશંસા) ન કરવી.
- પુણ્યનો ભરોસો બોદો છે. પ્રભુનો ભરોસો સાચો છે.
- જેમ મળથી ભરેલો કોઠો હોય તો ખાવાની ઇચ્છા ન થાય તેમ આત્મા કર્મથી ભરેલો - ભારે હોય તો નવકાર સાંભળવો ન ગમે ને સારા કામમાં સહકાર આપવો ન ગમે.
- ઘણીવાર આપણું કરેલું આયંબિલ બીજાને અનુમોદનાનું અને આપણને કર્મબંધનું કારણ બને, જો અહંકાર પોષાતો હોય તો.
- સાધુ ભગવંતને સ્પર્શ કરવાનો શ્રાવકનો અધિકાર નથી. ચરણનો સ્પર્શ લૌકિકતા છે. હાથ જોડીને શાતા પૂછવી તે વિનય છે.
- દેરાસરનાં શિખર પર કાગડો કે સમડી ત્યાં બેસે તો ચૈત્ય માંદું થયું કહેવા મોટી આશાતના થઇ હોય તો જ આવું થાય.
- ધર્મકાર્યથી અહંકાર પુષ્ટ થાય તેના જેવો અધર્મ એક પણ નથી.
- સમકિતી કબૂલાત કરે. મિથ્યાત્વી વકીલાત કરે.
- પ્રભુએ નિષેધ કરેલી વાત ને કરતાં કરતાં પ્રભુએ કહેલી વાતનું આચરણ કરી તો એ ફળતું નથી.
- નાના બાળકને સ્નેહ, પ્રેમ અને મંગલમય વાતાવરણની જરૂર છે. નવ વર્ષ સુધીના બાળક પર હાથ ઉપાડવો નહીં.
- બીજી વ્યક્તિની ઉન્નતિ જોઇ, ઉદારતા જોઇ, રાજી થઇ શકો તો તમારા જીવનમાં દુઃખ નહીં આવે. માનસિક દુઃખોની શરૂઆત ઇર્ષ્યાથી થાય.
- આવી અનેકાનેક સુવર્ણ-વૃષ્ટિથી આપણે અંતરથી અમીર બનીએ.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ (બોરીવલી)

નંબર

**શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા કાર્યાલય**
૩૦૪, શીંપોલી દર્શન કો. ઓ. હા. સોસાયટી, એચ.રુષભરાજ, પ્લોટ નં. ૭૧૪,
દળવીનગર પાસે, બોરીવલી (વે.), મુંબઈ – ૪૦૦ ૦૯૨.

**વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીનું નામ / પિતાશ્રીનું નામ**

૧. ______ ધોરણ ______

૨. ______ ધોરણ ______

૩. ______ ધોરણ ______

મુળ વતન : ______

વડિલનું પુરૂં નામ અને સરનામું :

______

મોબાઈલ / ફોન નં.:

**મુખ્ય દાતાશ્રી**

## શ્રી વસંતલાલ ફુલચંદ કોરડીયા તથા શ્રીમતી પુષ્પાબેન વસંતલાલ કોરડીયા પરિવાર

**સહયોગી દાતાઓ**

- શ્રી ગીરધરલાલ જીવણલાલ વોરા ચેરીટેબલ ટ્રસ્ટ
- શ્રી નરોત્તમદાસ જીવણલાલ વોરા ચેરીટેબલ ટ્રસ્ટ
- શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમોરીયલ ટ્રસ્ટ
- શ્રીમતી પુષ્પાબેન ભૂપતભાઈ રામાણી પરિવાર
- શ્રી ભગવાનજી ઝીણાભાઈ મહેતા પરિવાર
- માતુશ્રી ચંપાબેન જયંતિલાલ દોશી પરિવાર
- શ્રી ગુલાબચંદ દેવચંદ મહેતા પરિવાર
- માતુશ્રી જયાબેન શાંતિલાલ શાહ (ધોરાજી)
- માતુશ્રી શાંતાબેન અમૃતલાલ મહેતા પરિવાર
- માતુશ્રી કસુંબાબેન લાલચંદ રામાણી પરિવાર
- શ્રીમતી જસવંતીબેન ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડીયા પરિવાર

| વિગત | ૧ નંગનો ભાવ | કુલ નંગ | રકમ રૂ. |
|---|---|---|---|
| ફુલ સ્કેપ ૧૭૨ પાના | ૨૦.૦૦ | | |
| A/4 સાઈઝ ૧૬૦ પાના | ૩૦.૦૦ | | |
| વોટર કલર | ૫૦.૦૦ | | |
| કંપાસ(જોમેટ્રી બોક્ષ) | ૬૫.૦૦ | | |
| બોલ પેન સેટ (૪ નંગ) | ૨૦.૦૦ | | |
| પેન્સિલ બોક્સ | ૨૫.૦૦ | | |
| ક્રેયોન્સ કલર (ધોરણ ૧ થી ૪) | ૩૦.૦૦ | | |
| ગમ સ્ટીક | ૨૦.૦૦ | | |
| પ્લાસ્ટીક કંપાસ (ધોરણ ૧ થી ૬) | ૫૦.૦૦ | | |
| સ્ટેપલર | ૩૦.૦૦ | | |
| સહી | | કુલ રૂ. | |

### વિતરણ સ્થળ :

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ – બોરીવલી
શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા કાર્યાલય
૩૦૪, શીંપોલી દર્શન કો. ઓ. હા. સોસાયટી, એચ.રુષભરાજ,
પ્લોટ નં. ૭૧૪, દળવીનગર પાસે, બોરીવલી (વે.), મુંબઈ – ૪૦૦ ૦૯૨.
વિતરણ રવિવાર, તા. ૮–૬–૨૦૨૫ સવારે ૧૦ થી ૧
મો.ન. ૯૮૨૧૧ ૪૭૧૭૭ / ૯૮૨૦૦ ૯૯૦૭૧

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન જાગૃતિ મંડળ
હર્ષદભાઈ વોરા – ૮૭૯૩૭૨૬૬૮૩
અરિહંત ફરસાણ, ૮ આત્મ વલ્લભ બિલ્ડીંગ, આચોલે રોડ,
નાલાસોપારા (ઈસ્ટ). વિતરણ રવિવાર, તા. ૮–૬–૨૦૨૫
સવારે ૧૦ થી ૧

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ, ભાયંદર
જયેશ વસા – ૯૮૩૩૪૫૨૧૧૦
ધવલ ભણશાલી – ૯૬૯૯૧૨૨૫૦૫
વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ, રજીસ્ટ્રાર ઓફીસ સામે, ભાયંદર (વે).
વિતરણ રવિવાર, તા. ૮–૬–૨૦૨૫ સવારે ૯ થી ૧

૧. ધોરણ ૧ થી ૪ (૧) ૩૦ નોટબુક (૨) પેન્સીલ બોક્સ–૨ (૩) વોટરકલર –૧ (૪) ક્રેયોન કલરબોક્સ –૧ (૫) ગમસ્ટીક–૧ , (૬) સ્ટેપલર–૧ મળશે.
૨. ધોરણ ૫ થી ઉપર (૧) નોટબુક નંગ ૩૦ (૨) જોમેટ્રી બોક્સ નંગ ૧ (૩) બોલપેન સેટ–૧ (૪) પેન્સીલ બોક્સ–૨ (૫) ગમસ્ટીક–૧, (૬) સ્ટેપલર–૧ મળશે.
૩. ઉપરોક્ત ફોર્મની કોપી પ્રિન્ટ કરી સંપૂર્ણ વિગત ભરીને આપના સ્થાનિક મંડળને શનિવાર, તા. ૧૭–૦૫–૨૦૨૫ સુધીમાં મોકલી આપવી.
૪. ઉપરોક્ત વસ્તુઓ દરેક સેન્ટર નાં દર્શાવેલ વિતરણ સ્થળ અને સમય અનુસાર મળશે.
૫. મુંબઈમાં વસતા સમાજના દરેક કુટુંબ પોતાના બાળકો માટે આ નોટબુક વિતરણ યોજનાનો લાભ લઈ શકે છે.

| શ્રી વિનોદભાઈ બી. મહેતા | શ્રી જયેશભાઈ સી. દોશી (સેક્રેટરી) | શ્રી સંજયભાઈ ડી. મહેતા (સેક્રેટરી) |
|---|---|---|
| ૯૮૩૩૫૦૦૫૦૮ | ૯૮૨૧૧૪૭૧૭૭ | ૯૮૨૦૦૯૯૦૭૧ |

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ– ઘાટકોપર

સી–૧૮, ભગત એસ્ટેટ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭.

## સ્વ. શ્રી હરકીશન તારાચંદ મહેતા બુક બેંક યોજના

નંબર :

## અરજી પત્રક

માનનીય મંત્રી શ્રી,

હું નીચે સહી કરનાર ______

મારા બાળક / બાળકોના અભ્યાસાર્થે આપની બુક બેંક યોજના અન્વયે પાઠ્ય પુસ્તકો માટે અરજી કરું છું. આપની યોજનાની વિગતો મેં જાણી છે અને તે અંગેની શરતો મંજૂર છે.

| વિદ્યાર્થીનું પુરૂ નામ | ધોરણ | માધ્યમ : ગુજરાતી / અંગ્રેજી |
|---|---|---|
| | | |
| | | |
| | | |

સંપૂર્ણ સરનામું : ______

ફોન નં. / મોબાઈલ નં. ______ વસ્તી પત્રક ક્રમાંક : ______

પુસ્તકોની રકમ અમો ☐ ઘાટકોપર ☐ બોરીવલી ☐ ભાયંદર ☐ નાલાસોપારા સ્થળેથી લઈશું.

આભાર, આપનો વિશ્વાસુ

(અરજદારની સહી)

## અગત્યના સૂચનો

૧. આ યોજના ધોરણ ૧ થી બી.એ., બી.કોમ., બી.એસસી. સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે છે.
૨. ઉપરોક્ત ફોર્મની કોપી પ્રિન્ટ કરી સંપૂર્ણ વિગત ભરીને આપના સ્થાનિક મંડળને શનિવાર તા. ૧૭–૦૫–૨૦૨૫ સુધીમાં મોકલી આપવી.
૩. પરિણામ ન આવ્યા હોય તેમણે પણ અરજી શનિવાર તા. ૧૭–૦૫–૨૦૨૫ સુધીમાં મોકલવી જરૂરી છે.
૪. પુસ્તકોની રકમ લેવા આવતી વખતે નીચેની કાપલી લાવવી અનિવાર્ય છે.

## પુસ્તકની રકમનું વિતરણ સ્થળ : રવિવાર, તા. ૦૮–૦૬–૨૦૨૫ સમય સવારે ૧૧.૩૦ થી ૧.૩૦

શ્રી સો. વિ. જૈન મિત્ર મંડળ–ઘાટકોપર : દર્શના જ્વેલર્સ, શોપ નં. ૧, જલારામ નગર નં. ૩, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭. સવારે ૧૧.૩૦ થી ૧.૩૦

શ્રી સો. વિ. જૈન મંડળ–બોરીવલી : ૩૦૪, શીંપોલી દર્શન, એચ.રુષભરાજ, શીંપોલી રોડ, બોરીવલી (વે.), મુંબઈ – ૪૦૦ ૦૯૨. સવારે ૧૦ થી ૧

શ્રી સો. વિ. જૈન મંડળ–ભાયંદર : વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ, રજીસ્ટ્રાર ઓફીસ સામે, ભાયંદર (વે). સવારે ૯ થી ૧

શ્રી સો. વિશાશ્રીમાળી જૈન જાગૃતિ મંડળ : અરિહંત ફરસાણ માર્ટ, ૮, આત્મ વલ્લભ બિલ્ડીંગ, આચોલે રોડ, નાલાસોપારા (ઈ). સવારે ૧૦ થી ૧

વધુ જાણકારી માટે સંપર્ક : શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભિમાણી – ૯૮૯૨૫૯૭૯૯૬

---

નામ : ______

ફોર્મ નં. :

આ કાપલી લાવનારને પાઠ્ય પુસ્તકોની રકમ આપશોજી.

ફેમીલી નં. :

અરજદારની સહી.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ (કાંદીવલી)

(P.T.R. No. A-3625(Bom) Dt. 6-11-84)
C/o. શ્રી શૈલેષ વૃજલાલ વોરા,
ડી–૪૦૧, પંચમ એપાર્ટમેન્ટ, ઈરાની વાડી નં.૨, કાંદીવલી (પશ્ચિમ),
મુંબઈ – ૪૦૦૦૬૭. મોબાઈલ : ૯૮૨૧૦૪૫૪૨૨

જય જિનેન્દ્ર, સહ સાદર પ્રણામ,

સુશિક્ષીત સમાજના ઘડતર માટેની જરૂરીયાત અનુલક્ષીને અમારા ઉપરોક્ત મંડળ દ્વારા નર્સરી થી ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી / વિદ્યાર્થીનીને બે ગણવેશ મંડળે નક્કી કરેલ કિંમતની ૫૦% રકમ રાહત દરે આપવામાં આવે છે. સમાજના ભાઈઓને લાભકર્તા યોજના ૩૨માં વર્ષમાં પ્રવેશ કરે છે. અને પ્રતિ વર્ષે તેને પ્રોત્સાહક સફળતા મળી રહી છે. અમારી આ સમાજોપયોગી સફળતામાં અમારા કાર્યને વધાવતા ઉદારચિત–દિલેર દાતાઓનો પણ પ્રશંસક સાથ રહ્યો છે. અને નીચેના કાયમી દાતાઓએ સન ૨૦૨૫ નો સંપૂર્ણ ખર્ચ ઉપાડીને અમોને પ્રોત્સાહિત કરેલ છે.

## "૨૦૨૫ ના દાતા પરિવારો"

### મુખ્ય દાતા : શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા પરિવાર

સહયોગી દાતા :

૧) શ્રી જીવનલાલ વીરચંદ મહેતા પરિવાર
૨) શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા પરિવાર
૩) શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર
૪) શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર
૫) શ્રીમતી સુશીલાબેન હરસુખભાઈ ધ્રુવ પરિવાર
૬) શ્રી વસંતલાલ ફુલચંદ તથા પુષ્પાબેન વસંતલાલ કોરડીયા પરિવાર
૭) શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમોરીયલ ટ્રસ્ટ
૮) શ્રી પ્રભુદાસ લીલાધર સંઘવી પરિવાર, હ. શ્રી રમેશભાઈ સંઘવી
૯) શ્રીમતી મંજુલાબેન કાંતિલાલ ધમરશી પારેખ પરિવાર, હ.લાયન શ્રી ગિરીશભાઈ પારેખ

ઉપરોક્ત સર્વે દાતાઓનું મંડળ ઘણું જ આભારી છે. આજની આ મોંઘવારીમાં દરેક કુટુંબને રાહતનો શ્વાસ દર્શાવતી આ યોજનામાં કોઈપણ દાતા યથાશક્તિ દાન આપી ભાગ લઈ શકે છે.

**નોંધ : મંડળ ઈન્કમટેક્ષ રાહત ધારા હેઠળનું સર્ટીફીકેટ ધરાવે છે.**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ (કાંદીવલી)
કારોબારી સમિતી

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ (કાંદીવલી)

(P.T.R. No. A-3625(Bom) Dt. 6-11-84)
C/o. શ્રી શૈલેષ વૃજલાલ વોરા,
ડી-૪૦૧, પંચમ એપાર્ટમેન્ટ, ઈરાની વાડી નં.૨, કાંદીવલી (પશ્ચિમ),
મુંબઈ – ૪૦૦૦૬૭. મોબાઈલ : ૯૮૨૧૦૪૫૪૨૨

## યુનીફોર્મ યોજના જુન-૨૦૨૫

માનનીય મંત્રી શ્રી,

હું અરજી કરનાર ________________ મુળ વતન ________________

મારા બાળક / બાળકોના અભ્યાસાર્થે આપની ગણવેશ યોજના માટે અરજી કરું છું.
આપની યોજનાના નિયમો મેં વાંચ્યા છે તે મને મંજુર છે.

| વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓનું પુરૂં નામ | ઉંમર | બાળક સાથેનો સંબંધ | ધોરણ | માધ્યમ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

ઘરનું સરનામું ________________

મોબાઈલ :

ધંધો / નોકરીનું સરનામું ________________

મોબાઈલ :

શાળાનું નામ ________________

હું ખાત્રીપુર્વક જણાવું છું, ઉપર જણાવેલી બધી વિગતો સાચી છે.

પિતા / વાલીની સહી

- - - - - - - - - - - - - - - - - - - -

ગણવેશના રૂપિયા લેવા આવતી વખતે આ કાપલી લાવવી જરૂરી છે.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ (કાંદીવલી)

હું અરજી કરનાર : ________________

સરનામું : ________________

તારીખ

પિતા / વાલીની સહી

નિયમો :

૧. દરેક વિગત સ્પષ્ટ અક્ષરોમાં લખવી. અધુરી વિગતવાળું અરજીપત્રક રદ ગણાશે.

૨. આ ફોર્મ સાથે છેલ્લી વાર્ષિક પરિણામની નકલ તથા ગણવેશ ખરીદીનું બીલ આપવું જરૂરી છે.

૩. અરજીપત્રક સ્વીકારવાના સ્થળ :

■ **શ્રી શૈલેષ વી. વોરા**
ડી–૪૦૧, પંચમ એપાર્ટમેન્ટ,
ઈરાની વાડી નં.૨,
કાંદિવલી (પ.), મુંબઈ –૬૭.

■ **શ્રી મનસુખલાલ એચ. ભીમાણી**
ભીમાણી જ્વેલર્સ, શોપ નં.૧,
જલારામ નગર નં.૩, વલ્લભબાગ લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૭૭.

■ **શ્રી સોરઠ વિ. જૈન સમાજ - મુંબઈ**
શ્રી તારાચંદ ધનજી મહેતા કાર્યાલય,
દેવકરણ મેન્શન, ૨ જે માળે, બિલ્ડીંગનં.૭,
વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ – ૪૦૦ ૦૦૨.

■ **શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ (ભાયંદર)**
વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ,
રજીસ્ટ્રાર ઓફીસ સામે, ભાયંદર (વે).

■ **શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન જાગૃતિ મંડળ**
શ્રી હર્ષદભાઈ વોરા, ચિરાગ સ્ટોર્સ, ચસો મંગલ બિલ્ડીંગ,
દુકાન નં. ૧૮, નાલાસોપારા (ઈ). મો. : ૮૭૯૩૭૨૬૬૮૩

૪. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી **તારીખ ૩૧-૫-૨૦૨૫** છે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

કુરીયર / પોસ્ટ મારફત મોકલનારે અગાઉથી મોકલવા વિનંતી.

૫. ગણવેશ યોજના નક્કી કરેલા દર : **નર્સરી થી ધોરણ૧૦ - રૂા.૨૦૦૦/-** પ્રતિ ગણવેશ

૬. ગણવેશ યોજનાની રકમ તમને ક્યા સ્થળેથી સુલભ થશે. ( ✓ કરો)

**બોરીવલી** ☐
**શ્રી એસ.વી.જૈન મંડળ, બોરીવલી**
શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા કાર્યાલય,
૩૦૪, સીંપોલી દર્શન કો. હા. સો., એચ.ઋષભરાજ,
પ્લોટ નં. ૭૧૪, દળવી નગર પાસે, સીંપોલી રોડ,
બોરીવલી (વે.), મુંબઈ–૪૦૦૦૯૨.
મો. : ૯૮૨૧૧૪૭૧૭૭/૯૮૨૦૦૯૯૦૭૧
**સમય : સવારે૧૦ થી ૧**

**ઘાટકોપર** ☐
**શ્રી સો. વિ. જૈન મિ.મંડળ**
સી/૧૮, ભગત એસ્ટેટ,
વલ્લભભાગ લેન,
ઘાટકોપર (પૂર્વ),
મુંબઈ – ૭૭.
**સમય : સવારે ૧૦ થી ૧૨**

**ભાયંદર** ☐
**શ્રી સો. વિ. જૈન મંડળ**
વસા પેકેજીંગ, ૯૦ ફીટ રોડ,
રજીસ્ટ્રાર ઓફીસ સામે, ભાયંદર (વે).
**સમય : સવારે ૯ થી ૧**

**નાલાસોપારા** ☐
શ્રી સો. વિશાશ્રીમાળી જૈન જાગૃતિ મંડળ
શ્રી હર્ષદભાઈ વોરા, ચિરાગ સ્ટોર્સ,
ચસો મંગલ બિલ્ડીંગ, દુકાન નં. ૧૮
નાલાસોપારા (ઈ). મો. : ૮૭૯૩૭૨૬૬૮૩
**સમય : સવારે ૧૦ થી ૧**

૭. ગણવેશ માટેની નક્કી કરેલી કિંમત ઉપરોક્ત સ્થળોએ **રવિવાર તા.૮-૬-૨૦૨૫, ઉપરોકત આપેલ સમયે** મળશે.

૮. અરજી બાબતના હક્ક સંસ્થા અબાધિત રાખે છે.

હું સહી કરનાર

સરનામું :

મારા બાળક / બાળકોના ગણવેશ માટે ઉપરોક્ત સંસ્થા તરફથી રૂપિયા........................ (અંકે રૂા.......................

.................................................................) પૂરા રોકડા મળેલ છે.

તારીખ

પિતા / વાલીની સહી

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## સબ કમિટી વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮

સમાજના પદાધિકારીઓએ તાઃ ૨૧-૦૩-૨૦૨૫ ના રોજ સમાજના વિવિધ કાર્યો માટે નીચે મુજબની સબ કમિટીની રચના કરી છે જે મુજબ દરેક કમિટી પોતાના કાર્યોની રૂપરેખા રજુ કરશે અને કારોબોરીમા બહુમતીથી કે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા પછી તેને પૂર્ણ કરવામાં આવશે.

**કાયદાકીય અને એકાઉન્ટ :**

૧) શ્રી ધીરનેભાઈ ડી. વસા - કન્વીનર
૨) શ્રી પ્રવીણચંદ્ર સી. વોરા
૩) શ્રી અરૂણભાઈ એમ. વોરા
૪) શ્રી યોગેશભાઈ વી. વોરા

**મેડિકલ સહાય**

૧) શ્રી યોગેશભાઇ વી. વોરા - કન્વીનર
૨) ડૉ. ધર્મેશભાઈ આર. વોરા
૩) શ્રી ધીરનેભાઈ ડી. વસા
૪) શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા (ભાયંદર)

**કલ્ચરલ પ્રોગ્રામ**

૧) શ્રી પરિમલભાઈ મ. ભીમાણી - કન્વીનર
૨) શ્રી સંજયભાઈ ધ. મહેતા
૩) શ્રી મેહુલભાઈ વી. શેઠ
૪) શ્રી યોગેશભાઈ વી. વોરા
૫) શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા

**મુખપત્ર તંત્રી તેમજ પ્રકાશક :**

શ્રી જયેશભાઇ શરદચંદ્ર વસા

**શૈક્ષણિક સહાય**

૧) જયુભાઈ સી. દોશી - કન્વીનર
૨) શ્રી કિશોરભાઈ એલ. રામાણી
૩) શ્રી મેહુલભાઈ વી. શેઠ
૪) શ્રી હિતેષભાઈ સી. વોરા

**ભાઈબીજ સ્નેહસંમેલન**

૧) શ્રી પરિમલભાઈ મ. ભીમાણી - કન્વીનર
૨) શ્રી સંજયભાઈ ધ. મહેતા - કો-કન્વીનર
૩) શ્રી અતુલભાઈ ધ. વસા
૪) શ્રી અરૂણભાઈ એમ. વોરા
૫) શ્રી મેહુલભાઈ વી. શેઠ

**ધાર્મિક**

૧) શ્રી શૈલેષભાઈ વૃજલાલ વોરા - કન્વીનર
૨) શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા - કાંદિવલી
૩) શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા - ભાયંદર
૪) શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા

**સમૂહ લગ્ન**

૧) શ્રી કિશોરભાઈ એલ. રામાણી - કન્વીનર
૨) શ્રી અતુલભાઈ વસા
૩) શ્રી જયુભાઈ સી. દોશી

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈ કમિટી વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ કમિટી ડિસેમ્બર ૨૦૨૧ થી ફેબ્રુઆરી ૨૦૨૫ જોત જોતામાં ત્રણ વર્ષ કરતા પણ વધારે સમય વીતી ગયો.

વર્ષ ૨૦૨૧ માં કમિટીની ઉમળકાભેર રચના થઇ અને પ્રમુખ પદ શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતાને સોપાયું. કમિટીની રચના થઇ અને આ સમય દરમ્યાન શ્રી કિરીટભાઈ અને તેની ટીમે સમાજમાં જરૂરિયાતવાળા આપણા ભાઈઓને કઇ રીતે મદદરૂપ થઇ શકાય અને સમાજના પરિવારોને એકબીજાથી નજીક કેવીરીતે લાવવા તેના ભરપૂર પ્રયાસો કર્યા અને તેમાં સફળતા પણ હાંસલ કરી.

આ ઉત્કૃષ્ટ કામગીરીમાં સમાજની દરેક વ્યક્તિનો, પુરી કારોબારી ટિમ અને સહુથી વધારે જો કોઇનો સાથ અને સહકાર મળ્યો હોય તે સમાજના પુણ્યશાળી દાનવીરોનો. કિરીટભાઈની જોળી દાનવીરોએ કોઇપણ આનાકાની કર્યા વગર ઉદાર દિલે ભરી દીધી. સમાજના કોર્પ્સ ભંડોળ માં ઘરખમ વધોરો થયો છે.

દરેક વ્યક્તિઓનું મન હોય કે હું સમાજ માટે કંઇ કરી શકું પણ સમાજના કોઇપણ કામ ધન વગર ન થઇ શકે અને તેમાં દાનવીરો અગત્યનો રોલ નિભાવતા હોય છે. માટે આ તમામ દાનવીરો ને લાખ લાખ સલામ અને સમાજની કમિટી દરેક દાતા પરિવારનો અંતરથી આભાર માને છે.

આ વર્ષે એટલે કે ૨૨-૦૨-૨૦૨૫ માં ફરીથી કિરીટભાઈની ટિમ આવી. આ કમિટીમાં ૪ નવા મેમ્બરો જુના મેમ્બર્સની જગ્યાએ આવ્યા. તમામ મેમ્બર્સની એક ઝાંખી પરિચય રૂપે પ્રસ્તુત કરવામાં આવી છે.

**શ્રી કિરીટકુમાર પ્રભુલાલ પોપટલાલ મહેતા**

મૂળ વતન મોટી પાનેલી - હાલ અંધેરી, વ્યવસાયે સી.એ.

ઉંમર વર્ષ ૬૯

શોખઃ ટ્રાવેલિંગ, વાંચન અને નૃત્યનો શોખ

૨૦૧૧-૨૦૧૭ વચ્ચે તેઓશ્રી રાજકોટ બોર્ડિંગ નું ટ્રસ્ટીપદ સંભાળી ચુક્યા છે. ર્વમાનમાં તેઓ એસ.વી. ફાઉન્ડેશન પબ્લિક ચેરીટેબલે ટ્રસ્ટના ટ્રસ્ટી છે. શ્રી એસ.વી. વેલફેર ફાઉન્ડેશનના ટ્રસ્ટી છે. એસ.વી. જૈન સોશ્યિલ સેન્ટર (અંધેરી બાંદ્રા) જોઇન્ટ સેક્રેટરી, રોટરી કલ્બ ઓફ જુહુ બીચના તેઓ મેમ્બર છે. મુંબઈ સોરઠ સમાજમાં તેમને લગભગ બધાજ જાણતા હશે. કોરોના કાળના અત્યંત કઠિન સમયમાં કિરીટભાઈ એ તેમના ટ્રસ્ટ એસ.વિ. ફાઉન્ડેશન પબ્લિક ટેરીટેબલ ટ્રસ્ટ ના નેજા હેઠળ રૂપિયા ૫૦ લાખ કરતા વધારે કરતા માતબર રકમ તેઆએ પોતે તેમજ સમાજના અન્યો દાનવીરો મારફતે ભેગી કરી અને તે રકમ સમાજના દરેક જરૂરિયાત વાળા પરિવારને તેમનું નામ જાહેર કર્યા વગર તેમના બેંક અકાઉન્ટ માં જમાં કરાવી દેતા હતા. મુશ્કેલી ના સમયમાં સંકટ સમયની સાંકળ બનીને સરાહનીય કામ કર્યું હતું.

કિરીટભાઈ છેલ્લા નવ વર્ષથી ઉમરગામ ખાતે હોસ્પિટલ ઇક્વિપમેન્ટ ફ્રીમાં ઉપયોગ કરવા માટેની તેઓની પોતાની એક અલાયદી સંસ્થા ચલાવી રહ્યા છે.

૨૦૨૧ થી ૨૦૨૫ સુધી તેમની પેનલ સમાજ માં ચૂંટાણી અને તેમની પેનલ દ્વારા તેમને સમાજનું સુકાન સોંપાયું અને તેઓએ કમિટીના બીજા અન્ય પદાધિકારી તેમજ અન્ય કમિટી મેમ્બર્સ ના સાથ થકી તેમણે સરાહનીય કાર્ય કર્યું છે.

અત્યારે કોઇપણ કુટુંબમાં જયારે માંદગી આવે છે ત્યારે ખાસ કરીને મધ્યમ વર્ગીય પરિવાર આર્થિક રીતે ખર્ચ ને પહોંચી વળવા અસમર્થ હોવાથી ખાસ આ મુદ્દો ધ્યાનમાં રાખી તેઓએ હેલ્થ આસિસ્ટન્સ સ્કીમ નામની યોજના અન્ય કમિટી મેમ્બર્સ ના સાથ સહકાર થી ૨૦૨૪ માં શરૂ કરી તેમાં અનુદાન આપનારા દાતા આગળથી બહોળો પ્રતિસાદ મળ્યો અને અત્યારે પણ મળી રહ્યો છે અને તેમના થકી સારું એવું ભંડોળ ભેગું કર્યું છે તેમજ આ સ્કીમ માટે હજી પણ વધારે ભંડોળ ભેગું કરવા ના પ્રયાસો ચાલી રહ્યા છે જેથી મેડિકલ માટે જરૂરિયાત વાળા પરિવારોને સારી રીતે સહાય કરી શકાય.

આ વર્ષે એટલે કે ૨૦૨૫ માં પણ તેમનીજ પેનલ બિન હરીફ ચૂંટાણી અને તેઓ ફરીથી સર્વાનુમતે પ્રમુખ પદે નિયુક્ત થયા તે બદ્દલ કિરીટભાઈને ખુબ ખુબ અભિનંદન.

તેમની કોશિશ હજુ વધારે આપણા સમાજના ભંડોળમાં વધારો થાય અને વધારે માં વધારે રાહત સમાજના જરૂરિયાત વાળા વર્ગ સુધી પહોંચે તેવી તેમની કાયમની કોશિશ છે અને રહેશે.

દરેક પ્રસ્તાવ માં કમિટીના બીજા પદાધિકારી તેમજ અન્ય કમિટી મેમ્બર્સ નો સાથ તેમને પુરેપુરો મળી રહ્યો છે અને તેમનો પડયો બોલ ઝીલી લેવા અન્ય મેમ્બરો પણ સાથ અને સહકાર આપી રહ્યા છે. તેમને અંતરથી શુભેચ્છા.

''સબ કે સાથ સબકા વિકાસ'' ના સ્લોગન સાથે તેઓ દરેક સામાજિક કાર્ય કરી રહ્યા છે.

-૦-૦-૦-

**શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા (ભૂતપૂર્વ પ્રમુખશ્રી)**

મૂળ વતનઃ પોરબંદર, હાલ-મુલુન્ડ

અભ્યાસ : બી.એસ.સી.

ઉંમરઃ ૮૦ વર્ષ

શોખઃ વાંચન-પ્રવાસ-સંગીત, સામાજિક મેળાપ

વ્યવસાયઃ ભૂતપૂર્વ ડિરેકટરઃ વેલીયન્ટ ઓર્ગેનિક્સ (પબ્લિક

લિમિટેડ)

સરળ સ્વભાવી મહેશભાઈ સાથે વાત કરતા હમેંશા નમ્રતા જ સાંભળવા મળે અને કોઇ પણ સંસ્થાને કે સમાજની નાનામાં નાની વ્યક્તિને તેઓ કઇ રીતે મદદરૂપ થઇ શકે તે જ તેમના પ્રયાસ હોય છે. કોઇ પણ સામાજિક કામમાં મદદરૂપ થવા માટે મહેશભાઈ હમેંશા પોતાનાથી બનતા તમામ પ્રયત્ન કરે છે.

-૦-૦-૦-

**શ્રી ધીરેનભાઈ દેવચંદ કરમચંદ વસા**

મૂળ વતનઃ પાટણવાવના, હાલ ઘાટકોપર

અભ્યાસઃ બી.કોમ

ઉંમરઃ ૬૯ વર્ષ

૨૦૦૪ થી ૨૦૧૪ સુધી શ્રી દે.મુ. સૌ વિશાશ્રીમાળી બોર્ડિંગના તેઓ ટ્રસ્ટી હતા. ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી ઉપપ્રમુખ પદે રહ્યા પછી ફરીથી હાલમાં પણ તેઓ ઉપપ્રમુખ પદે નિમાયા છે.

શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના તેમજ ઘાટકોપર એસ.વી. મંડળના પ્રમુખ શ્રી તરીકેની સેવાઓનો જોરદાર અનુભવ તેમજ સમાજ ના મધ્યમ વર્ગીય કુટુંબને કેવીરીતે ઉપયોગી થઇ શકાય તે તેમની વિશેષતા.

શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ સમાજના મધ્યમ વર્ગીય કુટુંબ માટે મેડિક્લેઇમ યોજના જે ૫૦ ટકા પ્રિમીયમ ની રકમ ટ્રસ્ટ દ્વારા ભરવામાં આવે છે અને ૫૦ ટકા પ્રિમીયમ ની રકમ વ્યકિત પોતે જાતે ભરે છે.

અત્યારના કપરા કાળમાં મેડિકલેઇમ અમુક ઉંમર પછી તો ઉતારવો લગભગ નામુમકીન છે, તે છતાં તેઓ આ કામ ખુબ સુંદર રીતે પાર પાડી રહ્યા છે અને સમાજના ડોનરો તેમને આ કાર્યમાં સારી એવી રકમનું અનુદાન આપી રહ્યા છે.

જી.એસ.પી.એલ. ઘાટકોપર ના મેમ્બરો દ્વારા સ્થાપેલી ક્રિકેટ સ્પર્ધા છેલ્લા ચાર વર્ષથી તેઓ મેનેજ કરી રહ્યા છે.

સામાજિક ક્ષેત્રમાં તેમનો બહોળો અનુભવ થકી તેઓ સમાજના દરેક કાર્યમાં સહાય રૂપ બને છે.

તેઓ બ્રિજ (પ્લેઇંગ કાર્ડ ગેમના) એક અચ્છા ખેલાડી છે અને તેઓ બ્રિજની હરીફાઈ માં નેશનલ લેવલ સુધી પહોંચ્યા છે. ધીરેનભાઈ ને હાર્દિક શુભેચ્છા.

-૦-૦-૦-

**શ્રી પરિમલભાઈ મનસુખલાલ હેમચંદ ભીમાણી**

મૂળ વતનઃ મોટા દેવળીયાના અને હાલ ચેમ્બુર

ઉંમરઃ ૭૧ વર્ષ

અભ્યાસઃ ઇન્ટર સાયન્સ સુધીનો

શોખઃ ટ્રાવેલિંગ, સિંગિંગ, હિન્દી ફિલ્મી ગીત ગાવાનો, સામાજિક સેવાના કાર્યો

શ્રી પરિમલભાઈ એ ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી માનદ મંત્રી તરીકે બજાવેલી અતિ પ્રશંસનીય કામગીરી અને ફરીથી વર્ષ ૨૦૨૫ થી ૨૦૨૮ પરિમલભાઈની માનદમંત્રી તરીકે ની નિમણુંક. પરિમલભાઈ શ્રી એસ.વી.જૈન મિત્ર મંડળ ઘાટકોપર ના દસ વર્ષ સુધી મંત્રી પદે રહ્યા હતા, તેમજ હાલમાં ઉપપ્રમુખ પદ સંભાળી રહ્યા છે.

તેઓ ૧૯૯૫ થી લાયન મેમ્બર છે. ૨૦૦૫-૦૬ માં લાયન્સ કલ્બના પ્રમુખ રહી ચૂક્યા છે. હાલ લાયન્સ કલ્બ ઓફ ઘાટકોપર ચેરિટેબલ ફંડના વાઇસ ચેરમેન છે. તેમ જ લાયન્સ મેડિકલ સેન્ટર-ઘાટકોપરના મંત્રીપદે છે.

૧૯૭૮ થી જવેલરીના વ્યવસાયમાં છે. દર્શના જવેલર્સ ના નામથી ઘાટકોપરમાં શોરૂમ છે. લાયન્સ કલ્બ જેવી સંસ્થાના કાર્યોનો અનુભવ આપણા સમાજના કાર્યોમાં ખુબ ઉપયોગી થશે. પરિમલભાઈને હાર્દિક શુભેચ્છા.

-૦-૦-૦-

**શ્રી સંજયભાઈ ધનસુખલાલ અમૃતલાલ મહેતા**

મૂળ વતનઃ જામ કંડોરણા, હાલ-બોરીવલી

ઉંમરઃ ૫૪ વર્ષ

અભ્યાસઃ બી.કોમ

શોખઃ પ્રવાસ અને સામાજિક કાર્યમાં હંમેશા આગળ

સંજયભાઈ મુંબઈ સમાજની કમિટીમાં ૨૦૧૪ થી મેમ્બર તરીકે કાર્યરત છે. સ્નેહ સંમેલનમાં શૈક્ષણિક ઇનામ વિતરણ તથા તપસ્વી બહુમાન ઇનામ વિતરણની જવાબદારી ખુબ આબેહૂબ રીતે નિભાવી જાણી. આ વર્ષે ૨૦૨૫-૨૦૨૮ માં શ્રી સંજયભાઈને માનદ મંત્રી તરેકીની વિશેષ જવાબદારી સોંપાણી.

સંજયભાઈ અત્યારે શ્રી એસ.વી.જૈન મંડળ બોરીવલીના મંત્રી પદે છે. તેમની સમાજસેવા પ્રત્યેની ધગશ અને લગન કાર્યમાં અનોખો નિખાર લઇને આવે છે. શ્રી સંજયભાઈની માનદ મંત્રી પદે નિયુક્તિ બદલ મંત્રી શ્રી પરિમલભાઈને એક સારો સપોર્ટ મળી રહેશે. સંજયભાઈ ને અંતરથી શુભેચ્છા.

-૦-૦-૦-

**શ્રી યોગેશભાઈ વિનોદરાય લવચંદ વોરા**

મૂળ વતનઃ મોટી પાનેલી, અને હાલ થાણા.

ઉંમરઃ ૪૭ વર્ષ

અભ્યાસઃ બી.કોમ

યોગેશભાઈની નિમણુંક ૨૦૨૧ માં ટ્રેઝરર તરીકે થઇ હતી. ૨૦૨૧ થી ૨૦૨૫ સુધી તેમને તેમની ફરજ આબેહૂબ જિમ્મેદારી સાથે નિભાવી. વર્ષ ૨૦૨૫ માં ફરીથી તેમની નિમણુંક ટ્રેઝરર તરીકે કરવામાં આવી.

ટ્રેઝરર નો હોદ્દો હિસાબ-કિતાબ માં ચોકસાઇ અને તે યોગશભાઈએ ખુબ સારી રીતે નિભાવ્યો. યોગેશભાઈ મુલુન્ડ

ખાતેના એસ.વી.જૈન ઉત્કર્ષ મંડળ માં ૧૪ વર્ષ થી કાર્યરત હતા. પ્રાણી રક્ષા માં યોગેશભાઈને વિશેષ રસ અને તેમાં કાર્યરત યોગેશભાઈને માર્કેટિંગ ક્ષેત્રે ૩૩ વર્ષ નો અનુભવ યોગેશભાઈને હાર્દિક અભિનંદન.

-૦-૦-૦-

**શ્રી જયેશભાઈ શરદચંદ્ર ઘેલાભાઈ વસા**

મૂળ વતનઃ પાટણવાવ હાલ કાંદિવલી

ઉંમરઃ ૬૩ વર્ષ

વ્યવસાયઃ બ્રાસ પ્રોડકટ માર્કેટિંગ

શ્રી.સો.વિ.જૈન મિત્ર મંડળ કાંદિવલી ના ઉપપ્રમુખ પદે લગભગ છેલ્લા સાત વર્ષ થી. ૨૦૨૧ માં સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈએ પહેલી વહેલી તક મુંબઈ સમાજમાં આવવા માટે આપી. મુખપત્ર ના પ્રકાશક તરીકે ૨૦૨૪ માં નિમણુંક થઇ.

૨૦૨૫ માં ફરીથી સમાજની કમિટીમાં આવવાની તક મળી અને માર્ચ ૨૦૨૫ માં મુખપત્ર ના તંત્રી પદે નિમણુંક થઇ.

-૦-૦-૦-

**શ્રી કિશોરભાઈ લાલચંદ જાદવજી રામાણી**

મૂળ વતનઃ મજેવડી, હાલ બોરીવલી ૭૦ વર્ષની ઉંમરે પણ એકટીવ છે.

બી.કોમનો અભ્યાસ અને તે પણ દે.મુ.જૈન બોર્ડિંગના વિદ્યાર્થી તરીકે. તેઓ રોક્ષી સિનેમા અને કપૂરચંદ એન્ડ કંપની માં કામ કરી હાલ રિટાયર્ડ છે. કિશોરભાઈ ૨૦૨૧ માં સમાજની કમિટીમાં આવ્યા અને ફરીથી કિશોરભાઈ ૨૦૨૫ માં સમાજની કમિટીમાં આવ્યા.

સોરઠ સમાજમાં તેઓ કોઇને ન ઓળખતા હોય તેવું ભાગ્યેજ બને. તેમના જેવી મોનોપોલી દરેક વ્યક્તિમાં હોતી નથી અને તેમના જેવા બહુ જૂજ લોકો સમાજમાં હોય છે તેમાંના એક કિંશારભાઈ છે. આળખાણની લિંક કિશોરભાઈ દેશ વિદેશ સુધી કાઢી શકે અને કિશોરભાઈ એટલે ઓળખાણની મોટી ખાણ. શ્રી.સૌ.વિ.જૈન મંડળ બોરીવલી માં છેલ્લા ૩૩ વર્ષ થયા સેવા આપી રહ્યા છે. તથા સો.વિ.જૈન સમાજ મુંબઈ માતૃ સંસ્થામાં પણ છેલ્લા ૨૫ વર્ષ થી સેવા આપી રહ્યા છે. તેમને સમાજમાં મંત્રી તરીકે પણ સેવા બજાવી. કિશોરભાઈને ઘણી શુભેચ્છા.

-૦-૦-૦-

**શ્રી જયુભાઈ ચુનીલાલ હરખચંદ દોશી**

મૂળવતનઃ વાળોદરના, હાલ બોરીવલી

ઉંમરઃ ૬૩ વર્ષ

વ્યવસાયેઃ સી એન્ડ એફ એજન્ટ (કાર્ગો ક્લિયરિંગ)

જયંતભાઈ ૨૦૨૧ માં કમિટીમાં આવ્યા અને ફરીથી ૨૦૨૫ માં પણ કમિટીમાં આવ્યા. સમાજના ફંકશન માં જયંતભાઈ શરૂઆત નમસ્કાર મહામંત્ર તેમજ સરસ્વતી વંદના નું પઠન ખુબજ ભાવ પૂર્વક રજૂઆત કરે છે ને તેમને સાંભળવા તે પણ એક લ્હાવો છે.

જયુભાઈ શૈક્ષણિક સહાય ના કન્વીનર છે અને તેઓ પોતાની જવાબદારી ખુબ સારી રીતે નિભાવી જાણે છે અને ફરીથી ૨૦૨૫માં તેમને તે જ જિમ્મેદારી ફરીથી સોંપાણી.

આ સિવાય બોરીવલી મંડળમાં છેલ્લા ત્રણ વર્ષથી સેક્રેટરી પદ ઉપર છે તથા શ્રી યોગીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં ટ્રસ્ટી, સેક્રેટરી, તથા છેલ્લા ૨૫ વર્ષ થી ટ્રેઝરર પદ ઉપર સેવા આપી રહ્યા છે. જયુભાઈ ને હાર્દિક શુભેચ્છા.

-૦-૦-૦-

**શ્રી શૈલેષભાઈ વ્રજલાલ જગજીવન વોરા**

મૂળવતનઃ ધોરાજી, હાલ કાંદિવલી

ઉંમરઃ ૬૦ વર્ષ

વ્યવસાયઃ સ્ટેનલેસ સ્ટીલ ના હોલસેલ કમિશન એજન્ટ.

શ્રી.સો.વિ.જૈન મિત્ર મંડળ કાંદિવલી ના પ્રમુખપદે છે. ઉત્તમ ધાર્મિક આરાધક અને ત્યાગ ભાવના.

૨૦૨૧ માં મુંબઈ સમાજની કમિટીમાં તેમનું આગમન મેમ્બર તરીકે અને ૨૦૨૫ માં ફરીથી તેમનું આગમન કમિટીમાં. વહેવાર કુશળતા તેમની આવડત, સમાજ માટે કાંઇક સારું કરી છૂટવાની ભાવના અને લગન, તેમજ સાધર્મીક પરિવાર પ્રત્યે વિશેષ કંઇક સારું કરી છૂટવાની લાગણીવાળા. આ સમાજ ખરેખર મારો પોતાનો છે તેવી લગન સાથે કામ કરવાની લાગણી ધરાવનારા શૈલેષભાઈને હાર્દિક શુભેચ્છા.

-૦-૦-૦-

**શ્રી કિર્તીભાઈ રસિકલાલ લવચંદ વસા**

મૂળ વતનઃ વંથલી સોરઠ, હાલ ચેમ્બુર

૬૭ વર્ષની ઉંમર અને બી.કોમ. થયેલા કિર્તીભાઈને સ્ટોક માર્કેટનો અનુભવ છે.

સામાજિક ક્ષેત્રે શ્રી ઋષભદેશજી જૈન દેરાસર અને સાધારણ ખાતા ટ્રસ્ટ માં તેમની નિયુક્તી ૨૦૨૭ સુધી ટ્રસ્ટી તરીકે થયેલ છે. શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપરના મંત્રીશ્રીના પદે અત્યારે છે.

મુંબઈ સમાજમાં ૨૦૨૧માં તેમનું આગમન કમિટી મેમ્બર તરીકે થયું અને અત્યારે ૨૦૨૫ માં ફરીથી તેમની નિમણુંક કમિટી મેમ્બર તરીકે થયું. ધાર્મિકવૃત્તિ અને લાગણી અને સમાજને ઉપયોગી કેમ થાવું તેવી વિચારધારા ધરાવનારા કીર્તિભાઈ ને હાર્દિક શુભેચ્છા.

-૦-૦-૦-

**શ્રી અતુલભાઈ ધનજીભાઈ ભાઇચંદ વસા**

મૂળ વતનઃ પાટણવાવ, હાલ મલાડ

અભ્યાસઃ બી.કોમ

છેલ્લા ૩૫ વર્ષથી કેમિકલ લાઇનમાં સ્વતંત્ર રીતે વ્યવસાયમાં છે. અતુલભાઈ મલાડ સો.વી.જૈન મંડળ માં એકદમ એક્ટિવ અને મેનેજમેન્ટ માં એકદમ પાવરધા. અતુલભાઈનું આગમન મુંબઈ સમાજમાં ૨૦૨૧ માં કમિટી મેમ્બર તરીકે થયું અને અત્યારે ૨૦૨૫ માં ફરીથી તેમની નિમણુંક કમિટી મેમ્બર તરીકે થયું. ધાર્મિકવૃત્તિ અને લાગણી વાળા અતુલભાઈને ખુબ ખુબ વધાઇ.

-0-0-0-

**શ્રી જયેશભાઈ ચુનીલાલ વાલજીભાઈ વસા**

મૂળ વતનઃ પાટણવાવ, હાલ ભાયંદર, ઉંમર વર્ષ ૬૪

શ્રી એસ.વી.જૈન મંડળ ભાયંદરના પ્રમુખ તરીકે સેવા છેલ્લા ૬ વર્ષથી સેવા આપી રહ્યા છે. જયેશભાઈ મુંબઈ સમાજની કમિટીમાં વર્ષ ૨૦૨૧ માં કોપ્ટ. મેમ્બર તરીકે જોડાણા હતા. આ વર્ષે ૨૦૨૫માં મુંબઈ સમાજમાં કમિટી મેમ્બર તરીકે આવ્યા છે. જયેશભાઈ પાટણવાવ ના ઢંકગિરિ જિનાલય માં તેમજ પાટણવાવ માં સીમંધર સ્વામી દેરાસરમાં એક્ટિવ મેમ્બર છે. શ્રી જયેશભાઈ ને હાર્દિક શુભેચ્છા.

-0-0-0-

**ડૉ. ધર્મેશભાઈ રસીકલાલ લવચંદ વોરા**

મૂળ વતનઃ મોટી પાનેલી, હાલ થાણા, ૩૮ વર્ષની ઉંમર

ધર્મેશભાઈ છેલ્લા ૧૫ વર્ષથી હોમિયોપેથિક ચિકિત્સક ની સેવા આપી રહ્યા છે. હાલ ઇ.એસ.આઇ.એસ. હોસ્પિટલ કાંદીવલી માં ચીફ મેડિકલ ઓફિસર તરીકે કાર્યરત છે. તેઓ કેરિયર ગાઇડન્સ માટે ચાલનારા પ્રોજેક્ટમાં સુમતિ ગ્રુપ સાથે છેલ્લા ૧૨ વર્ષથી નિશુલ્ક સેવા આપી રહ્યા છે. છેલ્લા ૧૯ વર્ષથી બાયોલોજીના કોચિંગ કલાસ માં પણ કાર્યરત છે. સમાજની ૨૦૨૫ ની કમિટીમાં તેનું આગમન, સમાજની યુવા શક્તિ તરીકે જોડાનારા ડો.ધર્મેશભાઈ ને ખુબ ખુબ અભિનંદન.

-0-0-0-

**શ્રી મેહુલભાઈ વિનોદભાઈ નાથાલાલ શેઠ**

મૂળ વતનઃ છત્રાસા, હાલ મીરારોડ, ઉંમર ૩૫ વર્ષ

શોખઃ ક્રિકેટ લોકપ્રિય ગેમ, ટ્રાવેલિંગ

આ વર્ષે પ્રથમ વાર વર્ષ ૨૦૨૫ માં સમાજની કમિટીમાં નિમણુંક થયેલ છે.

વ્યવસાયઃ સ્ટોક બ્રોકર છેલ્લા ૧૦ વર્ષથી (એન્જલ બ્રોકીંગ ની માસ્ટર ફ્રેન્ચાયસી મીરારોડ ખાતે ધરાવે છે) અને બોરીવલી પોતાની બીજી કંપની માઇલસ્ટોન સિક્યુરિટિસ ના નામે ચલાવે છે. ધાર્મિક એક્ટિવીટી મેહુલભાઈ નો શોખ છે. શ્રી મેહુલભાઈને ખુબ ખુબ અભિનંદન.

-0-0-0-

**શ્રી અરુણભાઈ મનસુખલાલ માણેકચંદ વોરા**

મુળ ગામઃ મઘરવાડા, હાલ ગોરેગામ. ઉંમર ૭૫ વર્ષ.

અભ્યાસઃ જી.સી.ડી.

શોખઃ સિંગિંગ નો ખુબજ શોખ છે.

આ વર્ષે ૨૦૨૫ માં શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ માં કારોબારી સભ્ય તરીકે વરણી થઇ છે. શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - ગોરેગામ મંડળ ના સ્થાપક સભ્ય છે અને છેલ્લા ૨૦ વર્ષ થી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ - ગોરેગામ ના પ્રમુખપદ ના હોદ્દા પર છે. વ્યવસાયે છેલ્લા ૪૫ વર્ષ થી તેઓ એક ફાર્માસ્યુટિકલ કંપની માં ચીફ એકાઉન્ટન્ટ ના હોદ્દા પર છે. અરુણભાઇને ખુબ ખુબ અભિનંદન.

-0-0-0-

**કોપ્ટ સભ્યો**

**શ્રી પ્રવીણચંદ્ર ચીમનલાલ દયાળભાઈ વોરા**

(પી.સી ના હુલામણા નામથી સમાજમાં જાણીતા)

મૂળ વતનઃ માવજીંજવા (બગસરા) હાલ સાયન ખાતે. ઉંમર વર્ષ ૮૧, અભ્યાસ બી.કોમ.

શોખઃ ગીત ગઝલ શાયરી ના શોખીન, વાંચન, સામાજિક સેવા

રાજકોટ બોર્ડિંગ માં ૨૦૦૮ - ૨૦૧૪ સુધી ટ્રસ્ટી

શ્રી ઘાટકોપર મંડળ ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટી છેલ્લા ૧૦ વર્ષથી બગસરા જિનાલય માં કાર્યરત.

જેનેક્સ લિમિટેડ માં ડિરેક્ટર તરીકે ૫૭ વર્ષથી કાર્યરત

-0-0-0-

**કોપ્ટ સભ્યો**

**શ્રી હિતેષભાઈ છોટાલાલ ઠાકરશી વોરા**

મુળ વતનઃ મઘરવાડા, હાલ મલાડ. ઉંમર ૫૭ વર્ષ

અભ્યાસઃ બી.ઇ. (કોમ્પ્યુટર સાયન્સ),એમ.બી.એ.

શ્રી હિતેષભાઈ આ વર્ષે ૨૦૨૫માં મુબઇ સમાજમાં કોપ્ટ મેમ્બર તરીકે નિમાયા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય આલુમનિ એસોસિએશનના કમિટી મેમ્બર તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલય ની આય.ટી. (ઇન્ફોમેન્શન ટેકનોલોજી) કમિટી માં કાર્યરત. હિતેષભાઈ આપણા શ્રી મહાવીર જૈન વિદ્યાલય માં ઇન્ફોમેશન ટેક્નોલોજી ના ઉપયોગ માટે ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યા છે. ખાસ કરીને આપણી સમાજની કમિટીમાં તેમનું આગમન આપણી વેબસાઇટ વગેરેને અપડેટ કરવામાં તેમજ અન્ય પ્રવૃત્તિઓનું ડિજીટાઇઝેશન કરવામાં ખુબ ઉપયોગી થશે અને મુંબઈ સમાજની કમિટી તેમને ખુબ ખુબ હાર્દિક શુભેચ્છા સાથે વધાવી રહ્યો છે.

ચિંતનની પળે

# મારું સત્ય મેં તને કહ્યું, તારું સત્ય તું જ શોધજે !–

– કૃષ્ણકાંત ઉનડકટ

**તમે તો આંખ પર ચશ્માને બદલે દ્વેશ પહેરો છો, બીજું તો ઠીક પણ સાચું કહો, દેખાય છે તમને ?**
**અહંમને પોષવા માટે જગત આખાથી લડવાનું ? છે આ તો ખોટનો ધંધો, હજુ પોષાય છે તમને ?**

**– શૌનક જોષી**

શું સાચું અને શું ખોટું એ વિશે કયારેક તો માણસ અવઢવમાં મુકાતો જ હોય છે. આપણે જે માનીએ છીએ એ સાચું છે ? બરાબર છે ? ઘણી વખત એવું થતું હોય છે કે, આપણે જેને સાચું માનતા હોઇએ છીએ એ બીજાને સાચું નથી લાગતું ! અમુક સત્યો એવાં હોય જ છે જે સનાતન હોય છે. એ સિવાય દરેકનું પોતાનું પણ સત્ય હોય છે. આપણું સત્ય બધા સાથે મેચ થાય એવું જરૂરી નથી. આપણે કેટલાંય કામો વિશે એવું માનતા હોઇએ છીએ કે, આવું ન કરાય. બીજા લોકો એ વિશે જ એવું માનતા અને કહેતા હોય છે કે, આવું તો કરાય ! કોઇ આપણાથી જુદું માનતું હોય એટલે આપણે ખોટા થઇ જતા નથી. એ એની જગ્યાએ સાચા હોય છે અને આપણે આપણી જગ્યાએ સાચા હોઇએ છીએ. કયારેક કોઇની વાત સાંભળીને આપણને જ એવું થાય છે કે, એની વાત ખોટી તો નથી જ ! એવા કિસ્સામાં ઘણી વખત આપણે જ કહેતા હોઇએ છીએ કે, તારી જગ્યાએ તું સાચો કે તું સાચી છે, પણ મને આ વાત ગળે ઊતરતી નથી. આપણું પોતાનું સત્ય હોય એમાં કશું ખોટું નથી, પણ એ સત્ય સરળ, સહજ અને સાત્ત્વિક હોય એ જરૂરી છે. આપણે શું માનીએ છીએ તેના પરથી જ આપણી ઇમેજ બનતી કે બગડતી હોય છે. ચોર અને લૂંટારા પણ એમ જ માનતા હોય છે કે, અમે કશું ખોટું કરતા નથી. એ માનતા હોય એનાથી ખોટું હોય એ સાચું થઇ જતુ નથી.

એક યુવાન હતો. પોતાના પરિવારમાં જે રીતરિવાજો અને પરંપરાઓ ચાલતી હતી તેના વિશે તેને મનમાં અનેક સવાલો થતા હતા. એક વખત એ યુવાને પિતાને સવાલ કર્યો, આવું બધું કરવું જરૂરી છે ? પિતાએ તેને સમજાવ્યું કે, આવું આપણે શા માટે કરીએ છીએ. બધી વાત કરીને છેલ્લે પિતાએ કહ્યું કે, આ મારું સત્ય છે. હુ જે માનું છું અને મને જે લાગે છે એ મેં તને કહ્યું છે. મારું સત્ય તારે ફોલો કરવું જ એવું બિલકુલ જરૂરી નથી. તારું સત્ય તું શોધજે. તારા તર્ક લગાવજે, તારા વિચારોના ત્રાજવે તોળજે અને પછી તને જે વાજબી લાગે એ કરજે. આપણે ઘણી વખત આપણને જે કહેવામાં આવે એ માની લેતા હોઇએ છીએ. એક વખત તો દરેકને એવો સવાલ થવો જ જોઇએ કે, આવું શા માટે છે ? બધું ખોટું કે ખરાબ હોય એવું જરૂરી નથી, દુનિયામાં જેટલું ખરાબ અને ખોટું છે એના કરતાં સાચું અને સારું વધુ છે. આપણને સારાની સારી રીતે જાણ હશે તો આપણે જે ખરાબ છે એને સરળતાથી જાણી શકીશું. જેને સારાની સમજ નથી હોતી એ ઘણી વખત ખોટાને પણ સાચું માની લેતા હોય છે.

એક વખત એક સાધુ જેલની મુલાકાતે ગયા. તે બધા કેદીને મળતા હતા. એક કેદીએ પોતાના સ્વજન પર જ હુમલો કર્યો હતો. સાધુએ તેને સવાલ કર્યો. એ તો તારા નજીકના હતા તો પણ તે કેમ એને માર્યા ? એ કેદીએ કહ્યું કે, મેં બીજા લોકો કહેતા હતા એ વાત સાચી માની લીધી હતી. મને કહેવામાં આવ્યું હતું કે, એ આપણા દુશ્મન છે એટલે મેં તેને માર્યા. સાધુએ સવાલ કર્યો, તેં તારી રીતે તપાસ કરી હતી કે, એ ખરેખર દુશ્મન છે કે નહીં ? કેદીએ કહ્યું, ના. મારા લોકો કોઇ દિવસ ખોટું ન બોલે ! સાધુએ કહ્યું, હું એવું બિલકુલ નથી કહેતો કે તારા લોકો ખોટું બોલે છે. મારું કહેવું તો એટલું જ છે કે, એ સાચું બોલે છે એની તો ખાતરી કરવી જોઇએ કે નહીં ? આપણાં કર્મો અને આપણાં કામો આપણા વિચાર આધારિત હોવાં જોઇએ, કોઇના વિચારોને ફોલો કરવામાં ઘણી વખત કોઇના હાથા બની જવાનો ભય રહેતો હોય છે. આપણે જેની વાત માનીએ છીએ એના વિચારો અને એની બુદ્ધીની પણ એક મર્યાદા હોય છે. દરેક માણસ એક હદ સુધીનું વિચારી શકે છે. આપણે આપણા વિતારવાની હદ વિસ્તારવાની હોય છે. જે નિર્ણય કરીએ તે આપણે કરેલો હોવો જોઇએ. કોઇથી દોરવાઇ જવાની જરૂર હોતી નથી.

જિંદગીમાં ઊંધા રવાડે ચડાવી દેનારા ઘણા હોય છે. કોઇને ફોલો કરવામાં કંઇ વાંધો નથી, માત્ર એની કક્ષા તપાસવાની હોય છે. સમજું, ડાહ્યા અને જ્ઞાની લોકોની વાત માનવી જોઇએ, પણ આંખો અને કાન ખુલ્લા રાખીને ! જયારે કોઇ કંઇ વાત કરે ત્યારે પહેલાં

તો એ વિચારવાનું હોય છે કે એ આવું શા માટે કહે છે? માણસ કરવા ખાતર કંઇ કરતો કે બોલવા ખાતર કંઇ બોલતો હોતો નથી, માણસ જે કંઇ કરે છે એની પાછળ એનો ઇરાદો છુપાયેલો હોય છે. ઇરાદો સારો પણ હોઇ શકે છે. આપણને એ ખાતરી થવી જોઇએ કે, એ જે કરે છે એની પાછળ એનો કોઇ બદઇરાદો નથી. તેની દાનત ખોટી કે ખરાબ નથી. આપણે સમયે સમયે એ પણ વિચારવું જોઇએ કે, મારી દાનક કેવી છે? મારું સત્ય કેવું છે? માત્ર આપણે માનતા હોઇએ એ વાત સત્ય ઠરી જતી નથી. એક માસણે કામ કરવાનું નક્કી કર્યું. એ કામમાં બહુ ફાયદો હતો. જોકે, કામ કરવું કે નહીં એ વિશે એના મનમાં ભારે અસમંજસ હતી. એ માણસ એક જ્ઞાની વ્યક્તિ પાસે ગયો. પોતાની મૂંઝવણ કહી. જ્ઞાની માણસે બધી વાત સાંભળીને કહ્યું કે, તને મૂંઝવણ છે એનો મતલબ જ એ છે કે, તને પૂરેપૂરી શ્રધ્ધા નથી. શંકા દરેક વખતે ખોટી નથી હોતી. શંકા ઘણી વખત માણસને સમાધાન સુધી લઇ જતી હોય છે. તુ જે વાત કરે છે એમાં તારું તો હિત જળવાવાનું છે. તને તો ફોયદો થવાનો છે, પણ બીજાનું અહિત થવાનું છે. બીજાને ગેરફાયદો થવાનો છે. આપણે ઘણી વખત એ નક્કી કરવાનું હોય છે કે, હુ આ કરું છું એ કયા ભોગે કરુ છું.? કોનો ભોગે કરું છું? જયારે કયાંયથી ઉત્તર ન મળે ત્યારે માણસે પોતાના મનની વાત સાંભળવી જોઇએ કે, હું જે કરું છું એ યોગ્ય છે? મન કયારેય ખોટી વાત કરતું નથી. માણસનો પ્રોબ્લેમ એ છે કે, એ મન સાથે પણ દલીલ કરે છે અને મનમાં ચાલતું હોય એને પણ ખોટું સાબિત કરવાનો પ્રયાસ કરે છે. આપણને એમ થતું હોય છે કે, આવું કરવું ન જોઇએ, પછી આપણે જ આપણી જાત સાથે દલીલ કરતા હોઇએ છીએ કે, બધા આવું જ કરે છે, હું શા માટે ન કરું? માણસ છેલ્લે સાચું, ખોટું, સારું, ખરાબ કે બીજો કંઇ વિચાર કર્યા વગર પોતાને જ કરવું હોય એ કરતો હોય છે. માણસ મનને પણ પટાવી જાણે છે. બહુ ઓછા લોકો પોતાની જાત સાથે તટસ્થ રહી શકે છે. પોતાનું મુલ્યાંકન કરવું એ દુનિયાનું સૌથી અઘરૂં કામ છે. એક સમજુ માણસ હતો. તેણે કહ્યું કે, ખોટું કરતા હોવ તો પણ તમને એ ભાન તો હોવું જ જોઇએ કે, તમે ખોટું કરો છો! ખોટું કરો ત્યારે તેની સજા ભોગવવા માટે પણ તૈયાર રહેવું જોઇએ. એક ભાઈને એક કેસમાં સજા પડી ત્યારે તેણે કહ્યું કે, આવું થવાનું જ હતું. મે કર્યું જ હતું એવું! તમારુ સત્ય તમને ખબર છે? એ તમે જ શોધેલું છે કે પછી કોઇએ તમારા પર ઠોકી બેસાડ્યું છે? આપણે જે કરીએ છીએ એની સમજ હોવી જોઇે, જેવી સમજ હશે એવાં જ પરિણામો મળવાનાં છે!

**છેલ્લો સીનઃ** સંપત્તિ વારસામાં મળે છે, પણ નામ અને વજૂદ તો માણસે પોતે જ મેળવવું પડે છે. આપણે કોઇનાથી ઓળખાવું છે કે કોઇ આપણાથી ઓળખાય એવું કરવું છે એ આપણે નક્કી કરવું પડે છે. પોતાના હોવાનો કંઇક અર્થ છે, પણ એ સાબિત અને સાર્થક કરવો પડે છે. - (સૌજન્ય - સંદેશ)

# સંસ્થા સમાચાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૧૦૦૦/- વંથલી સોરઠ નિવાસી હાલ બોરીવલી હર્ષદભાઈ તલકચંદ વસાના સુપુત્ર ચિ.રાજન ના શુભલગ્ન પ્રસંગે

૧૦૦૦/- પાટણવાવ નિવાસી, હાલ સાયન, પ્રતાપરાય જયચંદ વસા તરફથી સુપુત્ર પારસભાઈના આત્મશ્રેયાર્થે.

૫૦૦/- વંથલી નિવાસી હાલ ડોમ્બિવલી શાંતિલાલ મોતીચંદ વસા પરીવાર તરફ થી સ્વ. કુસુમબેન શાંતિલાલ વસા ના આત્મશ્રેયાર્થે ભેટ

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઈ

**શ્રી તારાચંદ ધનજીભાઈમહેતા તબીબી રાહત ખાતે**

રૂા. ૨૫૦૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી સ્વ.ચંદ્રાબેન ધીરજલાલ મહેતાની ૧૮મી પુણ્યાતિથીએ ભેટ

રૂા. ૨૫૦૦૦/- શ્રી રાજેશભાઈ જયસુખલાલ મહેતા તરફથી સ્વ.પુષ્પાબેન જયસુખલાલ મહેતાની ૧૩મી પુણ્યતીથીએ ભેટ

**શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ જીવનભાઈ વોરા મેડિકલ ક્રિટીકલ તબીબી રાહત ખાતે**

રૂા. ૨૫૦૦૦/- શ્રી ધીરજલાલ મણિલાલ મહેતા તરફથી સ્વ.ચંદ્રાબેન ધીરજલાલ મહેતાની ૧૮મી પુણ્યાતિથીએ ભેટ

રૂા. ૨૫૦૦૦/- શ્રી રાજેશભાઈ જયસુખલાલ મહેતા તરફથી સ્વ.પુષ્પાબેન જયસુખલાલ મહેતાની ૧૩મી પુણ્યતીથીએ ભેટ

**અનાજ વિતરણ ખાતે**

રૂા. ૫૦૦/- શ્રી અશોકભાઈ પ્રભુદાસ વોરા તરફથી તેમની સુપુત્રી ખ્યાતિના શુભ લગ્ન પ્રસંગે ભેટ

રૂા. ૫૦૦/- શ્રી હર્ષદભાઈ તલકચંદ વસા તરફથી તેના સુપુત્ર રાજન ના શુભ લગ્ન પ્રસંગે ભેટ

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ

■ જુનાગઢ નિવાસી હાલ કાંદીવલી સ્વ. અમિચંદ જેચંદ મહેતા ના ધર્મપત્ની મંછાબેન અમિચંદ મહેતા (ઉ.૯૧) તારીખ ૨૬/૦૩/૨૦૨૫ ના રોજ રાત્રે ૯.૪૫ કલાકે અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. દિલીપભાઈ, સ્વ.ચંદ્રકાંતભાઈ, સ્વ.ભુપતભાઈ, સ્વ.અશ્વિનભાઈ અને મધુબેન રજનીકાંત મહેતાના માતુશ્રી. હિનાબેન, સોનલબેનના સાસુ. ધવલ, જય વિરાજ, શ્રેયાંશ અને કિંજલના દાદીમા તથા મિતેષભાઈ અને ભાવિનભાઈના નાનીમા. પિયર પક્ષ સ્વ.દુલભજી પરષોત્તમ ધોળકિયાની દીકરી.

## શ્રી શાંતિનાથ દાદાને નમઃ

## જય જિનેન્દ્ર

વિશેષ ખુશાલી સાથે મજેવડી નગરે શાંતિનાથ દાદાના ભવ્ય જિનાલયની ૫૮મી સાલગીરા પ્રસંગે ધ્વજા આરોહણ વિ.સં.૨૦૮૧ વૈશાખ વદ ૧/૨/૩ તા.૧૩/૧૪/૧૫-૦૫-૨૦૨૫ મંગળ/બુધ/ગુરૂવાર મજેવડી મુકામે ત્રી-દિવસ ભવ્યાતિ ભવ્ય મહોત્સવ ઉજવાશે. આ પ્રસંગ પર પધારી વતનની શાન અને શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

**ઉત્સવની જલક**

૧)વૈશાખ વદ ૧ મંગળવાર તા.૧૩-૫-૨૦૨૫ સવારના શ્રી સિધ્ધચક્ર મહાપુજન. લાભાર્થી પરિવાર માતુશ્રી લીલાવંતીબેન નાગરદાસ ઓધવાણી પરિવાર

૨)વૈશાખ વદ ૨ બુધવાર તા.૧૪-૫-૨૦૨૫ અઢાર અભિષેક સવારના. લાભાર્થી પરિવાર માતુશ્રી લીલાવંતીબેન નાગરદાસ ઓધવાણી પરિવાર

**અઢાર અભિષેક વખતે પરીકરની પ્રતિષ્ઠાઃ** ત્રણેય પરમાત્માના પરીકર તથા પરીકરની પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવારો

૧)માતુશ્રી શાંતાબેન અમૃતલાલ મહેતા પરિવાર (શેઠ બાપા પરીવાર)

૨)માતુશ્રી મંગળાબેન ખુશાલચંદ ભાયાણી પરિવાર. તેમના સંસારી દિકરી સાધ્વીજી શ્રી પ્રસમવદનાશ્રીજીની પ્રેરણાથી

૩)વેશાખ વદ ૩ ગુરૂવાર તા.૧૫-૦૫-૨૦૨૫

સવારના સત્તરભેદી પુજા તથા શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૫૮મી ધ્વજા આરોહણ. લાભાર્થી પરિવાર માતુશ્રી લીલાવંતીબેન નાગરદાસ ઓધવાણી પરિવાર

ત્રણેય દિવસના સંગીતકાર, વિધિકાર તથા અનુષ્ઠાન/જમણવારના સંપૂર્ણ લાભાર્થી માતુશ્રી લલીતાબેન નાગરદાસ અમૃતલાલ ઓધવાણી પરિવાર-મજેવડી.

સૌ ભાગ્યશાળીઓને લાભાર્થી પરિવારો તરફથી શ્રી શ્વે.મૂ.પુજક જૈન સંઘ - મજેવડી તરફથી સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**વહેલી સવારના પ્રભાતિયા** :

શ્રી મજેવડી સંઘના બહેનો-દીકરીઓ

**વિધિકારઃ**

જૂનાગઢથી શ્રી દિનેશભાઈ ધનજીભાઈ શેઠ પધારશે.

**સંગીતકારઃ** શ્રી પ્રિતમભાઈ કુંભોજ સતારાથી પધારશે.

**શુભ આશિષઃ** સાધ્વીશ્રીજી પ્રશમવંદનાશ્રીજી મ.સા.
સાધ્વીશ્રીજી વાસાવદત્તાશ્રીજી મ.સા.
સાધ્વીશ્રીજી ઋષિદત્તાશ્રીજી મ.સા.

**શુભ સ્થળ :** શ્રી દેવતણખી બાપાનું મંદિર, બસ સ્ટેન્ડ પાસે, મજેવડી.

**લી.શ્રી શ્વે.મૂ.પૂ.તપગચ્છ જૈન સંઘ** - મજેવડી ટ્રસ્ટીગણ

સંપર્ક સૂત્ર : નિતિનભાઈ - ૯૩૨૪૬૯૨૦૯૫
જયેશભાઈ - ૯૮૨૧૧૪૭૧૭૭
કિશોરભાઈ - ૯૩૨૧૯૮૮૩૭૩

## હાર્દિક અભિનંદન

### ચિ.કૈવન મિતેશ રામાણી



ભાદાજાળીયા નિવાસી જીતેન્દ્ર લક્ષ્મીચંદ રામાણીના પૌત્ર ચિ.કૈવન એ નીટ ૨૦૨૪માં લેવાયેલી પરીક્ષામાં ૭૨૦ માંથી ૬૯૧ ગુણ મેળવી અખિલ ભારતીય સ્તરે ૨૦૭૩ મી રેન્ક હાંસલ કરી છે. તેમણે મહારાષ્ટ્ર રાજ્યની સૌથી પ્રતિષ્ઠિત સરકારી કોલેજ ગ્રાન્ટ ગર્વમેન્ટ મેડીકલ કોલેજ અને સર જે.જે.ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ મુંબઈ માં ઓપન કેટેગરી હેઠળ MBBS અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો છે. કૈવન, રામાણી પરિવારનો પ્રથમ સંતાન છે, જેમણે MBBS અભ્યાસમાં પ્રવેશ મેળવી સમગ્ર પરિવાર તેમજ સોરઠ સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિથી માતા ડીમ્પલબેન અને પિતા મિતેશભાઈ પણ ગર્વ અનુભવી રહ્યા છે.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ તરફથી ચિ.કૈવન ને હાર્દિક અભિનંદન તેમ જ આગળના અભ્યાસક્રમ માટે હાર્દિક શુભેચ્છા.

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **008101000006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.



## એપ્રિલ માસના મુખપત્રના "સૌજન્ય દાતા"

## શ્રી કાંતિલાલ નંદલાલ વોરા

શ્રી કાંતિલાલભાઈનો જન્મ ૧૯૨૯ના ઓગસ્ટ માસમાં ધોરાજી મુકામે થયેલ. હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૪૪માં કલકત્તા આવ્યા. વ્યવસાયિક જીંદગીની અરૂઆતમાં નોકરી કરી પોતાની આવડત, મહેનત અને નિતીથી આયાત ના વ્યવસાયમાં ખૂબ જ સફળતાને પામ્યા. ૧૯૭૭માં મુંબઈમાં ઓફીસ શરૂ કરી. મુંબઈ ખાતે બંને સુપુત્રો શ્રી મહેશભાઈ તેમજ શ્રી પંકજભાઈએ અથાગ મહેનત દ્વારા વ્યવસાયમાં ખૂબજ ઉંચા શિખરો સર કર્યા.

શ્રી કાંતિભાઈ કે જેમના હૃદયમાં પ્રભુ મહાવીરની અહિંસા, કરૂણા અને જીવદયા કણેકણમાં વણાયેલી છે. તેઓએ પ.પૂ.મહાસતીજી પ્રિતીસુધા મ.સા. અને શ્રમણી વૃંદની પ્રેરણાથી કામાણી જૈનભવન (કલકત્તા)માં જીવદયા માટે માતબર રકમનું દાન કરેલ છે. જે સમગ્ર જૈન સમાજમાં એક ઐતિહાસક યાદગાર પ્રસંગ બની ગયેલ છે. ઉપરાંત ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય તીર્થ, ભોજનશાળા, આરોગ્યધામ, લાયન તારાચંદબાપા હોસ્પિટલ, જૈન ક્લિનીક મલાડ, ઘોઘારી જૈન દવાખાનું વગેરે અનેક સંસ્થાઓમાં અવિરત યોગદાન આપતા રહ્યા છે. આ ઉપરાંત સાધર્મિક પ્રત્યેની સહાનુભૂતિ તથા સદાય તેમને સહાયરૂપ થવાની તેમની ઉમદા ભાવના છે. જીવનમાં લક્ષ્મી ઉપાર્જન કરવી અને તેનો સદુપયોગ કરવો એ પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ શક્ય બને. આવા આ પરિવારે શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમોરિયલ ટ્રસ્ટ બનાવ્યું છે.

શ્રી કાંતિભાઈએ કલક્ત્તા સમાજમાં પ્રમુખ તરીકેની સેવા આપેલ છે તથા શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈમાં પ્રમુખ તરીકે સેવા આપેલ છે. જીવનમાં એક મંત્ર છે અને ભાવના છે કે સમાજ પ્રગતિ કરે અને સમાજનો હરેક સભ્ય જીવનમાં સુખી બને, દરેક સભ્યના દુ:ખે દુ:ખી થનાર શ્રી કાંતિભાઈ નિ:સ્વાર્થ ભાવે સેવા કરે છે છતાં ગર્વ નહીં. તેઓ કલકત્તા, મુંબઈ તેમજ ભારતભરમાં દાનવીર તરીકે ખૂબ જ માન પામ્યા છે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજે (કલકત્તા) તેમને જૈન સમાજરત્નનો ઈલ્કાબ આપેલ છે. તેમજ વિરદાનેશ્વરીનું બિરૂદ આપેલ છે.

સમાજના કોઈ પણ કાર્ય માટે નવી યોજના દ્વારા ભંડોળ ઉભું કરે છે. આ માટે દાતાઓ તેમજ કમિટીના સભ્યોનો સાથ હતો તે વાતનો તેઓને આનંદ અને ગર્વ છે. તેઓના પુત્ર શ્રી મહેશભાઈ અને શ્રી પંકજભાઈ રામ-લક્ષ્મણની જોડી સમાન છે.

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH




# BHARAT ALUMINIUM COMPANY
# AAKASH EXTRUSIONS PVT LTD

**Authorised & Exclusive Dealer of**
**JINDAL ALUMINIUM Ltd.**

Ramesh Sanghvi : 9930250250
Aakash Sanghvi : 9820910093
Badal Sanghvi : 9820555157

Concerned Person :
**Aakash Sanghvi**
: aakashextrusions@gmail.com

**Sales Office :** Gala Altezza Bldg., 6th Floor, Office No. 607,608,609,
Next to Sanmukhanand Hall, Near King's Circle Rly Station,
Sion (E), Mumbai - 400022. • Tel.: 68525559


Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR